કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • 10, October 2023 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ





આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત જામખંભાળીયાની

## આંબાવાડી કલાવૃંદને અમૃત રાષ્ટ્રપતિ એવોર્ડ



પડધરી(મોવૈયા ગ્રામ્ય)માં વિદ્યાર્થી અને દાતાઓનું સન્માન



## રાજકોટનું સુપ્રસિદ્ધ કલાવૃંદ કંકણ



અમદાવાદમાં યોજાયો શિક્ષણોત્સવ


20th Year
ANNIVERSARY
દ્વિદશાબ્દી વર્ષ ૨૦૨૩-૨૪
વિશ્વકર્મા વિશ્વ
(નવેમ્બર-૨૦૨૩ અંક)
દીપોત્સવી
વિશેષાંક
વિશ્વકર્મા વિશ્વ
વિશ્વકર્મા વિશ્વ
વિશ્વકર્મા વિશ્વનો આગામી અંક દીપોત્સવી વિશેષાંક તરીકે નવેમ્બરના પહેલા અઠવાડિયામાં પ્રસિદ્ધ થશે.
દીપોત્સવી વિશેષાંકમાં પસંદગીના સ્થાન માટે
આપની જાહેરાત આજે જ બુક કરાવો...
આપની જાહેરાત મોબાઇલ એપ અને ડીઝીટલ એડીશનમાં પણ પ્રસિદ્ધ થશે.
(જાહેરાત આપવાની છેલ્લી તારીખ ૨૫ ઓક્ટોબર-૨૦૨૩)
Ramy Publication
૩૨૦, હિરાપન્ના, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૧.
સંપર્ક : પ્રવીણ ગજ્જર – મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫
E-mail : vishwakarmavishwa@yahoo.com

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-12, Issue No.9
Date : 10-10-2023

Page : 32
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# આવ્યા માના નોરતા



નવરાત્રિ એટલે માતાજીની આરાધના કરવાના દિવસો નવ દિવસ માતાજીની ઉપાસના કરી શકિત મેળવવાના દિવસો આપણા ગુજરાતમાં અને જયાં ગુજરાતીઓનો વસવાટ છે. ત્યાં આસો સુદ-૧થી આસો સુદ નોમના દિવસો નવરાત્રિ તરીકે ઓળખાય છે. ગુજરાતમાં અંબા-બહુચરા, કાળા જેવી મહાશકિતશાળી દેવીઓની પુજા આરાધના અને યજ્ઞો ઉપરાંત મોડે સુધી રાસગરબા લેવાનું મહત્વ છે.

જો કે અગાઉ કરતા હવે નવરાત્રિનું સ્વરૂપ 'અર્વાચીન નવરાત્રિ'ના નામે બદલાયું છે. અને મનોરંજનનું સાધન બની ગયું છે. યુવાનો-યુવતીઓ લાખોના ખર્ચે તૈયાર કરાયેલા ગ્રાઉન્ડમાં રોશનીના ઝગઝગાટ સાથે મોડી રાત સુધી અર્વાચીન રાસોત્સવ માણે છે. અર્વાચીન રાસોત્સવમાં એકબીજાથી ચડીયાતા આયોજન માટે જાણે સ્પર્ધા થતી હોય તેવું. આવા અર્વાચીન રાસોત્સવમાં ગાયક કલાકારો અને સંગીતકારો સારામાં સારા લાવવા બધા ગ્રુપમાં પ્રયત્નો થતા રહે છે. આવા અર્વાચીન રાસોત્સવની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. જો કે અનેક સંસ્થાઓએ પ્રાચીન નવરાત્રિની ઉજવણીની પરંપરા ચાલુ રાખી અને નવરાત્રિનું મહાત્મ્ય જાળવી રાખ્યુ છે.

નજીકના દિવસોમાં શરૂ થતી નવરાત્રિમાં સૌને ભકિત દ્વારા શકિત પ્રાપ્ત થાય તેવી માતાજીને પ્રાર્થના...

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

## દેશ-વિદેશમાં જે વૃંદ કલાના કામણ પાથર્યા છે તેવી જામખંભાળિયાની આંતરરાષ્ટ્રીય

# આંબાવાડી કલાવૃંદને અમૃત રાષ્ટ્રપતિ એવોર્ડ

- પ્રવીણ ગજ્જર

- **સંગીત નાટય એકાદમી ઉપરાષ્ટ્રપતિ શ્રી ધનખડના હસ્તે ડાયાભાઇ નકુમે એવોર્ડ સ્વીકાર્યો**
- **જામખંભાળીયાએ ભવ્ય ફુલેકુ કાઢી ડાયાભાઇ નકુમને ફુલડે વધાવ્યા**




દિલ્હીના વિજ્ઞાનભવનમાં કેન્દ્રીય સંગીત એકેડેમી દ્વારા દેશભરના કલાયાત્રીઓનો મેળો ભરાયો હતા. કલાકારોને રાષ્ટ્રપતિ એવોર્ડ ઉપરાષ્ટ્રપતિના કરકમળો દ્વારા અપાઇ રહયા હતા અને બધા કલાકારોનું ફોટોસેશન દરમ્યાન ઉપરાષ્ટ્રપતિ બધા કલાઓને હાથ જોડી નમન કરતા હતા. પરંતુ એક કલાકાર આવ્યા ત્યારે ઉપરાષ્ટ્રપતિએ તેની સામે નમસ્કાર કરવાને બદલે હાથ લંબાયો. આ કલાકારે પણ હાથ લંબાવી હસ્તધનુન કરી કહયું 'જય જગત' ઉપરાષ્ટ્રપતિએ પુછયુ કયા ગામથી આ વયોવૃદ્ધ કલાકારે કહયુ, 'દેવભૂમિ દ્વારકા' ઉપરરાષ્ટ્રપતિએ આ વયોવૃદ્ધ કલાકાર સાથે વધુ હસ્તધનુન કર્યું ત્યારે આ વયોવૃદ્ધ કલાકારે ઉપરરાષ્ટ્રપતિને કહયુ 'આમ શાંતિ' કલાકારોના આ ઉત્સવમાં ઉપરાષ્ટ્રપતિએ જેની સાથે સંવાદ કર્યો એ ૮૦ વર્ષના ડાયાભાઇ નકુમ જામખંભાળીયા પાસેના ધરમપુરની ઇન્ટરનેશનલ આંબાવાડી કલાવૃંદના સર્જક.

ડાયાભાઇની ૪૫ વર્ષની કલાયાત્રાની આખરે સરકારે કદર કરીઅને ૧૭ સપ્ટેમ્બરના રોજ દિલ્હીના વિજ્ઞાનભવન ખાતે શ્રી આંબાવાડી કલાવૃંદના સર્જક એવા ડાયાભાઇ નકુમને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના હસ્તે રાષ્ટ્રપતિ અમૃતપુરસ્કાર દ્વારા સન્માન થયું.

ઉપરાષ્ટ્રપતિની સાથે કેન્દ્રીય મંત્રી (કાયદો) અર્જુનરામ મેઘવાલ, રાજયકક્ષાના કેન્દ્રના સાંસ્કૃતિ મંત્રી શ્રીમતી મીનાક્ષી લેખી, સંગીત નાટક એકેડમીના ચેરમેન ડો. સંધ્યા પુરેચા પણ આ એવોર્ડ અર્પણ સમયે ઉપસ્થિત રહયા હતા. જયારે ડાયાભાઇની સાથે તેમનો પ્રપૌત્ર થલતેજ અને દિકરી વૈશાલીબેન રહયા હતા.

૧૬ તારીખે આંબાવાડી કલા વૃંદનું રાષ્ટ્રીય સન્માનને જામખંભાળીયાએ પોતાનું સન્માન ગણી જામખંભાળીયાના આગેવાનોએ ફુલડે વધાવ્યા. ૧૮ તારીખે ડાયાભાઇના નિવાસસ્થાનેથી નીકળેલ ફુલેકુ વાજતે-ગાજતે જગદ ગેઇટ પાસેના રામજી મંદિરે પહોંચ્યું ત્યારે ફુલેકા પર પુષ્ટવૃષ્ટી અને મહાનુભાવોના સન્માનથી રાષ્ટ્રપતિ અમૃત એવોર્ડ પોતાને મળ્યો હોવાની અનુભૂતિ ખંભાળીયાવાસીઓએ કરી.

ડાયાભાઇ નકુમ અને આંબાવાડી કલા



# શારીરિક આફતોને અવસરમાં પલ્ટાવી છે આ કલાના સાધકે



જામખંભાળીયા ઇન્ટરનેશનલ આંબાવાડી કે જેના રાસ-ગરબાની કલા દેશ નહીં વિદેશમાં પણ પથરાઇ છે. આવી કલાના યાત્રી-સર્જક ડાયાભાઇ નકુમની શારીરિક હાલત કેવી છે ?

રાષ્ટ્રપતિ એવોર્ડ લઇ પરત આવ્યા બાદ 'વિશ્વકર્મા વિશ્વ'ની મુલાકાતે આવેલા અને ૮૦ની ઉંમરે પહોંચેલા ડાયાભાઇ કહે છે, મારો ડાબે ૪૦ ટકા અને જમણો પગ ૨૫ ટકા અપંગ છે. ઓછું દેખાય છે. ઓછું સંભાળય છે, દાંત છ જ બચ્યા છે. મને કુષ્ટ(લેપ્રસી ડીસીઝનો હુમલો પણ આવ્યો હતો અને આખુ શરીર રોગગ્રસ્ત થઇ ગયેલ. જામનગર અને બેંગ્લોરની એમ.એસ. રામમૈયા હોસ્પિટલની સારવાર હાલ ૧૫ ટકા અસર રહી ગઇ છે.

ડાયાભાઇ જમવા બેસે ત્યારે નાકમાંથી પાણી નીકળે, જમતા જમતા વોસ બેસીન સુધી જવુ પડે. જો કે આની કોઇને ખબર પડવા દેતા નથી રાત્રે ઉજાગરો થાય ત્યારે ત્રણેક વાગ્યે સ્વરપેટી ખરાબ થઇ જાય બીજે દિવસ આપોઆપ અવાજ નોર્મલ થઇ જાય છે.

ડાયાભાઇ મસાલા તેલ વગરનો ખોરાક ખાય છે. છીંક આવે ત્યારે ૫ થી ૬ છીંક આવે. આવી બધી શારીરિક આફતોને ડાયાભાઇએ અવસર બનાવી છે. ડાયાભાઇને શારીરિક તકલીફો હોવા છતાં પણ તેઓના આંબાવાડી કલાવૃંદનો ત્રણ-ચાર કલાકનો ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમ ચાલતોહોય ત્યારે પ્રસંગ અને કાર્યક્રમને સફળ બનાવવા માટેની તેઓની અદમ્ય ધગશ અને દોડાદોડી જોઇ કોઇને પણ ખબર ના પડે કે તેમને ઉપર જણાવેલ અનેક શારીરિક ક્ષતિઓ છે. આવા અનેક પ્રસંગોનો હું સાક્ષી છું. માનવ શરીરના હાથ, પગ, આંખો, કાન, નાક, ગળું બધા અંગોથી વત્તા ઓછા અંશે દિવ્યાંગ હોવા છતાં તેઓની આ કાર્યક્ષમતા જોમ-જુસ્સો-તરવરાટ અને વિશ્વકક્ષા સુધીની ભવ્યાતિભવ્ય સફળતા વિશે તેઓને પુછતાં તેઓ જણાવે છે કે, 'પરમ કૃપાળુ પરમાત્માની કૃપા, માતા-પિતા, વડીલો અને આપ જેવા સૌ ચાહકોના સાચા હૃદયના આશીર્વાદ વિના આ શકિતઓની અમાપ કૃપા વગર આ કાર્ય શકય નથી. એના સાથે કલાવૃંદના પાયાના પથ્થર એવા કાર્યકર મિત્રો, સર્વે કલાકાર બહેનોના અથાગ પરીશ્રમ અને પુરુષાર્થથી જ આ સઘળું કાયૃ શકય બને છે. કલાવૃંદના સો કોઇ મારા હાથ પગ અને અંગો છે, તેઓ સૌ મારો આ આત્મા છે. સફળતાના ખરા ખરા જશની અધિકારીઓ ગરબી રમતી સૌ બહેનો છે. મેં તો સૌને માર્ગદર્શન આપ્યું છે. જરૂર જણાઇ ત્યાં થોડું મઠાર્યું છે.

અત્રે જે તે કાર્યના મૂળમાં કેન્દ્રસ્થાને પોતે હોવા છતાં કાર્યક્રમની સફળતાનો સઘળો જશ અન્યને આપવો એ ડાયાભાઇનો સ્વભાવ છે. એ એમની મહાનતા અને ખાનદાની કહેવાય. પણ એક વાત ચોકકસ માનવી રહી કે, આંબાવાડી કલાવૃંદનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ જોઇને સૌ કોઇએ માનવું પડે કે દશ ડાયાભાઇ ભેગા થાય તો પણ આવો સુંદર કાર્યક્રમ ના થાય. અહીં ડાયાભાઇ અને આપણા આ કલાવૃંદ ઉપર માતાજી કે ઇશ્વર કે અન્ય કોઇ કુદરતી અદશ્ય શકિતઓનો હાથ અને સાથ છે. તો જ આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ શકય બને છે.

વૃંદ સાથે મારે (પ્રવીણ ગજ્જર) વર્ષો જુનો ઘરોબો વર્ષો પહેલા હું જયારે જયહિન્દ-સાંજસમાચારમાં હતો તેવા સમયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટના રેસકોર્સમાં આંબાવાડી કલાવૃંદનો કાર્યક્રમ યોજવામાં હું નિમિત બન્યો હતો. ત્યારબાદ ૨૦૧૭માં જયારે હું રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિમાં ઉપાધ્યક્ષ હતો ત્યારે વિશ્વકર્મા જયંતી અવસરે રવિ ટેકનોફોર્જના ચેરમેન અમુભાઇ ભારદીયાના આર્થિક સહયોગથી રેસકોર્સ મેદાનમાં આંબાવાડી કલાવૃંદની કલા રાજકોટની હજારોની જનમેદની સમક્ષ રજુ કરાવવામાં હું નિમિત બન્યો હતો. આ સમયથી મારે ડાયાભાઇ સાથે આત્મીય નાતો બંધાયો હોય આંબાવાડી કલાવૃંદને અમૃત રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો તે માટે ડાયાભાઇને મેં ફોન કરી કહયુ, એવોર્ડના ફોટા મોકલો મારે વિશ્વકર્મા વિશ્વમાં રીપોર્ટ છાપવો છે. ડાયાભાઇએ મને કહયું, અરે પ્રવીણભાઇ મારે ઘણી વાતો કરવી છે. ફોન પર નહીં થાય તમે કહો તો ત્યારે ત્યાં આવી જાવ અને બીજે દિવસે સવારે ૧૦ વાગ્યે ડાયાભાઇ વિશ્વકર્મા વિશ્વ કાર્યાલયે આવી ગયા. સવારે ૧૦ વાગ્યાથી બપોરે





# ચાર-ચાર વડાપ્રધાનો અને રાષ્ટ્રપતિ આંબાવાડી કલાવૃંદની કલા માણી ચુકયા છે

ત્રણ વાગ્યા સુધી વાતોનો દોર ચાલ્યો. ડાયાભાઇ સાથેની વાતચીતમાંથી નીકળેલી હકીકતો અહીં સાદર રજુ છે.



ખંભાળીયાના ખેતરોમાં કાળી મજુરી કરી પેટીયુ રળતા સથવારા કોમની બહેનોનું બેડા નૃત્ય જગ મશહુર બન્યું છે. માથે બાવન બાવન બેડાને હેલ્ય મૂકી તાલ, સૂર અને લયમાં રમવાનું કાર્ય અતિ કષ્ટસાધ્ય ગણાય છે. એમાં એમણે અજબની સિદ્ધિ મેળવી છે. જામખંભાળીયાનું આંબાવાડી કલાવૃંદ દેશનું સર્વપ્રથમ અને બહેનોનું એકમાત્ર મંડળ છે. સને ૧૯૮૭ના વર્ષમાં રશિયામાં યોજાયેલા ફેસ્ટીવલ ઓફ ઇન્ડિયામાં બાવન બેડાના રાસડાની રંગત જમાવીને સૌરાષ્ટ્રને જ નહીં પણ ગુજરાત અને સમગ્ર ભારતવર્ષને વિશ્વના સાંસ્કૃતિક નકશા પર મૂકીને ગૌરવ અપાવ્યું છે. બસ ત્યારથી યુવાન એન્જિનિયર ડાહ્યાભાઇ નકુમ અને એમના સહધર્મચારિણી ડાહીબેનની રાહબરી નીચે ચાલતું આંબાવાડી કલાવૃંદ ભારતભરમાં કયાંય પણ યાદગાર સાંસ્કૃતિ ઉત્સવ યોજાયો હોય ત્યાં સતત ચમકતું રહયું છે અને સથવારા જાતિને ઉજાગર કરતું રહયું છે.

ખેતર અને વાડીઓમાં નાનકડું ખોરડું બનાવીને રહેતા સતવારા કુટુંબની બહેનો ખેતમજૂરી કરે છે પણ હોળી, જન્માષ્ટમી, ભીમઅગિયારસ, નોરતા જેવા વાર-તહેવારે રાસડે રમવાના સંસ્કાર તો સથવારા બહેનોને ગળથુંથીમાંથી સાંપડે છે. રાસડે રમતા રમતા માથે ત્રાંબા-પિત્તળના બેડા મુકીને અને હાથમાં દાંડિયા લઇને રમવાનું એમના માટે સહજ હોય છે. આવા એક નવરાત્રિના ઉત્સવ ટાણે જામખંભાળીયા સ્કુલ-કોલેજના સંચાલક એવા ડાહ્યાભાઇ નકુમના ચિત્તમાં એક વિચાર વીજળીની જેમ ઝબકી ગયો : આ બહેનો રમવામાં થાકે એવી નથી. માથે હેલ્ય લઇને રાતબધી રમે છે તો આ ગ્રુપને વ્યવસ્થિત તાલીમ આપીને તૈયાર કરીએ તો સથવારા બહેનો સૌરાષ્ટ્રની સંસ્કૃતિની સુવાસ દેશભરમાં પ્રસરાવે એવી ક્ષમતાવાળી છે.

**અને દેવભૂમિ દ્વારકાનું નામ પડતા જ ઉપરાષ્ટ્રપતિએ ડાયાભાઇ સાથે હસ્તધુનન કર્યું**

ડાહ્યાભાઇ નકુમના નાનકડા વિચારને ઘાટ આપવાનું કાર્ય એમના અર્ધાંગિની ડાહીબહેને ઉપાડી લીધું. આમ આંબાવાડી ગરબા મંડળનો આરંભ થયો. ઢોલ, શરણાઇ અને તાલીઓના તાલ સાથે રાસડાની રંગત જામવા માંડી. પછી બહેનોના માથે બે બેડાં મૂકીને રમવાનું શરૂ થયું. બેમાંથી પાંચ, સાત અને નવ બેડાં થયાં. ડાહ્યાભાઇને એનાથી સંતોષ ન થયો, આવું તો ભવાઇ રમતા કલાકારો પણ કરે છે. આનાથી હજુ કંઇક નવું કરવુ છે. આવો વિચાર અહર્નિશ એમના મનમાં રમતો રહયો. નવમાંથી અગિયાર બેડાં થયાં. પછી લાકડાની ચોકડી બનાવી ચારે છેડે ને વચમાં બેડાં મૂકયાં. નવી વાત હતી. નવું આયોજન હતું. બહેનોના હૈયામાં ઉત્સાહ માતો નહોતો. રોજ ઘેરથી વધુને વધુ બેડાં લાવવા માંડી. એમની માયું ઠપકો ય દેતી : 'જોગમાયાઓ ! આ માંડયનાં નવાં ઠામડાં નંદવી નાખશો. છાનિયું માનિયુ ઇમનામ રમોને ! પણ નૃત્યકલાનો નશો કંઇક જુદો જ હોય છે.

એમાંથી આરંભાયો માથે બાવન બેડાં મૂકીને રમાતો રાસડો, આટલા બેડાં માથે મૂકીને તાલીઓના તાલે રમવાનું અને સમતોલપણું જાળવવાનું કામ સહેલુ નહોતું. બેડાં ફગી ન જાય એ માટે એમાં જરૂરત મુજબ રીતે ભરીને બેલેન્સ કરવા માંડયું. દસ, બાર, ચૌદ અને સોળ બહેનો માથે આટલાં બેડાં લઇને રાસ રમે એ દૃશ્ય જ અનોખું હતું. બે બહેનોના માથે બાવન બાવન બેડાં હોય, બીજી બહેનોના માથે અગિયાર બેડાં હોય. કોઇ માથા પર ગ્લાસ, રકાબી ઉપર ગ્લાસ અને માથે બેડું હોય. માથા પરનો કાચનો





કુંપો હોય એના મોઢા માથે બેડું હોય. માથે માતાજીનું ત્રિશૂળ મૂકયું હોય એના માથે બબ્બે બેડાં હોય. અમારા ડાહ્યાભાઇ ભાટ રાવણહથ્થો પર સરવા સાદે રાહડા ગાતા હોય, ઢોલ-શરણાઇ અને ઝાંઝરની ઝપટ બોલતી હોય અને બહેનો માથે બેડાં મૂકીને રાસડે રમતી રમતી જમીન પર મૂકલો રૂમાલ, માથે બેડાનું સમતોલપણું જાળવીને મોંથી ઉપાડી લે. એ જ બહેનો બેડાં લઇને તરવારની ધાર પર ઉભી રહીને નૃત્ય કરે, અણીદાર ખીલા માથે ઉભી રહીને નૃત્ય કરે. રંગમંચ ઉપર રમતી રમતી પ્રેક્ષકોની વચ્ચે આવે. વાહ વાહ અને તાલીઓના ગડગડાટથી વાતાવરણ ગુંજી ઉઠે. એમાંય માથે વજનદાર બેડાં મુકી ઉઘાડા પગે બે તરવારની અણીદાર ધાર પર આખી ઉભી રહીને નૃત્ય કરે ત્યારે તો જોનારના હૈયા બે ઘડી થડકો ય લેવાનું વિસરી જાય.

આ કળા પરંપરા એમની પોતાની નથી. માટે આ બહેનો બહાર જાય અને જે સારું જુએ એ પોતાની કૃતિમાં ઉમેરતા જાય. અજમેરની અગિયાર વર્ષીય બાલિકા રાજસ્થાની ભવાઇ નૃત્યમાં આ બધા પ્રયોગો કરે છે. આ રાજસ્થાની ભવાઇની ઉત્તમ ચીજો સથવારા બહેનોએ પોતાના બેડા નૃત્યમાં સરસ રીતે પ્રયોજી દીધી એ એમની કુશળતા ગણાય. આમ પરંપરિત રાસડામાં નવી વસ્તુઓ પ્રયોજાઇ એટલે ખંભાળિયાની આ બહેનોના બેડાનૃત્યને કીર્તિ મળી. ઠેરઠેર યોજાતી હરિફાઇઓમાં પ્રથમ પારિતોષિક મળવા માંડયાં. પછી તો આ બહેનોએ ગરબા તૈયાર કર્યા. આરતી તૈયાર કરી. ટિપ્પણી તૈયાર કરી, ગોફ અને દાંડિયારાસ તૈયાર કર્યા. અઠિંગારાસમાં રાધાકૃષ્ણનું પાત્ર મૂકીને રાસને જીવંત બનાવી દીધો. હથેળીમાં સળગતી વાટો મૂકીને ગરબે રમવા માંડી. આમ આંબાવાડી કલાવૃંદે કલાજગતમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી દીધી.

એ પછી બેડાંનૃત્યના કાર્યક્રમો યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રાલય, સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને દિલ્હી, વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર ઉદેપુર સુધી પહોંચ્યા. જુદા જુદા રાજયોમાં એમના કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાવા માંડયા. પ્રચાર માધ્યમોના પ્રથમ પાને એમનાં સમુહ બેડાંરાસ ચમકયા. અમે એમને

## જી-૨૦ અને યુ-૨૦માં વિદેશીઓએ પણ કલા માણી

નવરાત્રિ કાર્યક્રમ નિમિત્તે દુરદર્શન પર લઇ આવ્યા. સને ૧૯૮૭ના વર્ષમાં રશિયા જવા માટે ભારત સરકારનું નિમંત્રણ મળ્યું. રશિયાના પાટનગર મોસ્કો, કીવ, લેનિનગ્રેડ ઉપરાંત અનેક સ્થળોએ એમના કાર્યક્રમોએ રંગત જમાવી દીધી. વિદેશીઓ ભારતીય અને સૌરાષ્ટ્રના આ નૃત્યપ્રકાર પર વારી ગયા. કાર્યક્રમ પુરા થયા પછીએ હોલ તાલીઓના ગડગડાટથી ગાજતા રહયા.

સને ૧૯૮૮ના વર્ષમાં આંબાવાડી કલાવૃંદને ગુજરાત લોકકલા ફાઉન્ડેશનનો ગૌરવ પુરસ્કાર એવોર્ડ પ્રાપ્ત થયો. એમની કીર્તિને પાંખો ફૂટી એ પછી ડાહ્યાભાઇ નકુમની રાહબરી નીચે આ બહેનો એમના ઉત્સવ દિલ્હી, લોકકલા મહોત્સવ, કલાગુર્જરી મુંબઇ, ગુજરાત કે દિલ્હી, લોકઉત્સવ રાજકોટ, ભારત ઉત્સવ કેરળમાં કાર્યક્રમો આપી આવ્યા.

આંબાવાડી કલાવૃંદની સફળતાના પાયામાં બે-ચાર બાબતો મુખ્ય રહી છે જેના માટે મારે સમગ્ર સૌરાષ્ટ્રના કલાગ્રુપોનું ધ્યાન દોરવાનું છે. પ્રથમ તો એમણે પરંપરાગત નૃત્ય પ્રકારને જાળવીને એમાં મૂળ કૃતિને વફાદાર રહીને સફળતાપૂર્વક નવા પ્રયોગ પ્રયોજ્યા છે. એમની પરંપરાગત અને આકર્ષક વેશભૂષા તથા અલંકારોને એમણે જાળવ્યાં છે. રાસડાના ગીતો એનાં ઢંગઢાળ લોકજીવનમાંથી મૂળ લીધા છે અને એને ગાવામાં જાળવ્યા છે. વાદ્યોમાં ઢોલ, શરણાઇ, રાવણહથ્થો અને કાંસી જોડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પરિણામે એમનું બેડાંનૃત્ય પ્રેક્ષકોના અંતર સુધી પહોંચી જાય છે.

ગુજરાત લોકકલા ફાઉન્ડેશન સાથે આંબાવાડી કલાવૃંદ વર્ષોથી જોડાયેલું છે અને દેશભરમાં નિયમિત કાર્યક્રમો આપે છે. અમે લગ્નપ્રસંગે વરઘોડામાં, જાનના સામૈયા વખતે, જૈન મહારાજ સાહેબોને નગરપ્રવેશ પ્રસંગે સ્વાગતમાં એમના કાર્યક્રમો સરસ રીતે પ્રયોજીએ છીએ. સૌરાષ્ટ્ર-કચ્છ પાસે લોકનૃત્ય, રાસ, ગરબા, ગરબી, હીંચ, ટીટોડો, લુવર ટિપ્પણીનો પ્રાચીન કલાવારસો છે એને ઉત્તમ પ્રકારે કેવી રીતે પ્રયોજવો એ માટે આંબાવાડી કલાવૃંદ પથદર્શન બની રહે એમ છે. પ્રચાર માધ્યમોની ભરમાર અને પશ્ચિમની સંસ્કૃતિના આક્રમણ સામે ટકવા માટે ય આપણા આ કલાવારસાને જતન કરીને જાળવવો પડશે. સમાજને એમાં રસ લેતો કરવો પડશે. કલા સંસ્કૃતિનો દુષ્કાળ પડશે તો પરદેશથી હરગિઝ એની આયાત નહીં કરી શકાય. આ કલાવારસાને આ ધરતી પર જ ઉગાડવો પડશે.

# પ્રસિદ્ધ કલાવૃંદ રાજકોટનું કંકણ એટલે કંકણ...

## પરંપરા તોડયા વગર ગરબામાં સતત પ્રયોગ કરતી રાજકોટની 'કંકણ સંસ્થા' ગરબા-રાસ માટે ભારત સરકારનું સાંસ્કૃતિક પ્રતિનિધિત્વ કરે છે





રશિયામાં દર વર્ષે એપિક ફેસ્ટિવલ નામે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાય છે. જેમાં ત્યાંની પૌરાણિક કથા અને નાટકોની ભવ્ય રજુઆત થાય છે. મોટા મેદાન જેવડા મંચ પર અને આસપાસ હજારો લોકો, વચ્ચે હાથી-ઘોડા સહિતના કાફલા સાથે એમાં ભજવણી થાય. આ ઉત્સવના ભાગરૂપે વિશ્વભરના દેશોની કળાસંસ્થાઓને પણ નિમંત્રણ મળે છે.

૨૦૨૧માં એક સંસ્થાનું કળાવૃંદ ભારતથી ત્યાં ગયું. એણે જે રાસ રજૂ કર્યો એ જોઇને ટર્કીના કલાકારો બોલી ઉઠયા : આ તો અમારા સૂફી ડાન્સ જેવું છે એ સાંભળીને ત્યાં હાજર ભારતના અશોકકુમાર બૌદ્ધિસ્ટ નામના એલચીએ આ રાસને સૂફી રાસડો નામ આપ્યું. એ સૂફી રાસડો રાજકોટના કંકણ ઇન્ટરનેશનલ આર્ટ ગ્રુપે ત્યાં રજૂ કર્યો હતો. એ પછી તો ભારતમાં પણ અનેક જગ્યાએ એની રજુઆત થઇ

ગરબાની આ સંસ્થાનું નામ સાંભળતાવેંત બેંગલોર રહેતી કે અમેરિકા સેંટલ થયેલી રાજકોટની કોઇપણ યુવતીના હૃદયમાં કંકણનો રણકાર ગુંજી ઉઠે. પરંપરાગત ગરબા-રાસ અને ગરબીનું મૂળ સ્વરૂપ જાળવીને સતત નવા પ્રયોગ કરતી આ સંસ્થા છેલ્લા ૪૧ વર્ષથી સક્રિય છે. ૧૯૮૪માં સ્થપાયેલી આ સંસ્થામાં અત્યાર સુધીમા ૩૨૫૦થી વધારે યુવતીઓ જોડાઇ છે. હવે ત્રીજી પેઢી અહીં ગરબા કરે છે. કંકણનો શો હોય ત્યારે નિઃશુલ્ક કાર્ડ મેળવવા બે કલાક અગાઉ લાઇન લાગે છે. રાજકોટના કેટલાક વિકલાંગ અને કેટલાક વડીલ કહે છે : અમે નવરાત્રિમાં કયાંય જતા નથી, પણ





'કંકણ'નો શો જોઇ લઇએ એટલે અમારી નવરાત્રિ થઇ જાય !

ગરબાનો શો આમ તો સામાન્ય વાત લાગે. ગરબાના શોમાં હોય પણ શું ? પ્રાચીન ગરબા એટલે ઇંઢોણી, ટિપ્પણી અને અર્વાચીન ગરબા એટલે તાળીને ચપટી એવું બધું. જો કે કંકણ બધાથી જુદી પડે છે. એણે કોઇ સરકારી ગ્રાન્ટ આટલા વર્ષોમાં લીધી નથી અને ગરબાના કાર્યક્રમ માટે ટિકિટ પણ રાખી નથી.

કંકણના પ્રણેતા-સંચાલિકા સોનલ સાગઠિયા કહે છે, રાસ-ગરબાના કુલ ૨૯ પ્રકાર અમે મંચ પર લાવ્યાં છીએ. અમારો શો હોય એટલે દર્શકોનો એક સવાલ કાયમ હોય : આ વર્ષે નવું શું ? કારણ કે એ પરંપરા અમે પહેલેથી રાખી છે.

'કંકણ'ના સ્ટેજ પર કેવા કેવા ગરબા રજુ થાય ?

ગરબા રમતી બહેનોના હાથમાં કરતાલ હોય, રામસાગર (એક તારવાળો તંબૂરો- સૌરાષ્ટ્રનું લોકવાદ્ય) હોય અને મીરાંબાઇનું ભજન ચાલતું હોય એના પર રાસડો કે ગરબો થાય. સાધુઓ જે ચીપિયા લઇને ફરતા હોય એવો સાચો ચીપિયો પણ હાથમાં હોય અને ધૂણી રે ધખાવી જેવા ગીત પર સૂફી ભકિત પણ થાય. વીંઝણાથી રાસડા થાય અને રૂમાલ રાસ પણ ખરો. ઝવેરા વાવેલા ગરબા, મંજીરાનો ગરબો, શંકર-પાર્વતીની ચોપાટનો ગરબો હોય તો ગગનમંડળની ગાગરડી જેવી દયારામની પ્રાચીન રચના પણ હોય. ટીટોડો, અઠંગો, સોળંગો સહિતના રાસ પ્રકાર કયારેક રજુ થાય. નવદુર્ગા ભાવને ચંડમુંડનો વધ પણ આવે. ચારણકન્યા કે હાજી કાસમ તારી વીજળી જેવાં કથાગીતોની પણ રજુઆત થાય. જેવો ગરબો એવા પહેરવેશ. મેકઅપમાં પણ જે-તે રચના અને એના સમયગાળાને ધ્યાનમાં રાખવામાં આવે. આમ વિવિધતાથી એ મંચ છલકાતો હોય.

આ વાતમાં અનેક પ્રમાણ છે. ૨૦૦૬માં રાજકોટમાં ૨૬ જાન્યુઆરીની રાજયકક્ષાની ઉજવણી હતી. કંકણે મીરાંબાઇની રચના પર રાસ રજુ કર્યો હે જી મેં તો પકડી આંબલિયાની ડાળ રે... એમાં અવાજ હતો કરસનદાસ સાગઠિયાનો. આ રજુઆત પછી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બોલી ઉઠયા : મારાં રૂવાડાં ઉભાં થઇ ગયાં. હું કોઇક જુદી જ દુનિયામાં પહોંચી ગયો.

બીજો એક છે ઘંટારવ રાસ. કર્ણાટકના રાજયપાલ બન્યા પછી પણ વજુભાઇ વાળ જો કંકણના શોમાં આવ્યા હોય તો આ રાસ જોવા રોકાય જ. એમાં સ્ટેજ પર પોણા બસ્સો કિલો વજનની રિંગ હોય. એમાં ઘંટ લટકતા હોય. બહેનો ફરતી જાય, ગરબો ગવાતો જાય અને જયાં તાલ આવે ત્યાં લાઇવ ઘંટ વાગે. લાઇટિંગ પણ એને અનુરૂપ હોય તથા ફોગ ઈફેકટ અને સરસ સંગીતને કારણે વાતાવરણ દિવ્ય થઇ જાય.

ઘંટરાવ ગરબો કંકણની ઓળખ બની ગયો છે. આ ગરબા સાથે તો એક પ્રસંગ પણ છે. સોનલબેન કહે છે:

'અમે ઓમાન ગયાં હતાં. ત્યાં ગરબો રજુ થયો પછી ત્યાંના ભારતીય પરિવારના લોકો આવ્યા. અમને કહે: અહીં અમારા એક નાના મંદિરમાં અમારે આ ગરબાનો ઘંટ રાખવો છે, જેનાઅ મે ઓછામાં ઓછા અગિયાર લાખ રૂપિયા આપીશું. અમે ગરબામાં રાખવામાં આવતો એક ઘંટ એમને આપીને

## વિશિષ્ટતા

દેશમાં કોઇ જગ્યાએ ત્રણ કલાકનો એક જ સંસ્થાનો કાર્યક્રમ થતો નથી. રાજકોટનું કંકણ એક માત્ર એવું ગ્રુપ છે. જે સતત ત્રણ કલાક રાસ-ગરબાની રમઝટ બોલાવી માતાજીની આરાધનાની અનેરી દુનિયામાં લઇ જાય છે. સોનલ સાગઠીયા વિશ્વકર્મા વિશ્વને કહે છે, સામાન્ય રીતે રાસ ગરબાના કાર્યક્રમમાં ૬ પ્રોપર્ટી હોય છે. કંકણ દેશભરમાં એવું ગ્રુપ છે. કંકણ દેશભરમાં એવું ગ્રુપ છે જે ૪૦ જેટલી પ્રોપર્ટી છે. અને ૩૩ પ્રકારના દેશ ગરબી અને રાસડા રજુ કરે છે. વિદેશમાં સુપ્રસિદ્ધ એવી કંકથ સંસ્થાના મુખ્ય સુત્રધાર પણ સોનલ સાગઠીયાનો છે પણ સંસ્થમાં ૨૮ વર્ષથી જોડાયેલ ટવીંકલ જાગાણી સંસ્થામાં મેનેજીંગ ટ્રસ્ટી છે. જયારે સ્તુતી પંડયા કો-ઓર્ડીનેટર છે. જયારે કાયમી ટીમમાં શુભશ્રી આચાર્ય, ઝલક પંડયા, યેશા કીકાણી અને હીરલ લોઢીયા છે.



આવ્યાં, પણ બદલામાં લીધા ફકત આશીર્વાદ.'

કંકણે વિશ્વના પંદર જેટલા દેશમાં અને ભારતનાં મોટાભાગના રાજયમાં ગરબા-રાસની પ્રસ્તુતિ કરીને સૌરાષ્ટ્રની સંસ્કૃતિનો પ્રચાર સાથે રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યુ છે. સામાન્ય રીતે કોઇ એવોર્ડ, વગેરે માટે કલાકાર અરજી કરે, પણ અહીં તો કેન્દ્ર સરકારના ઇન્ડિયા કાઉન્સિલ ઓફ કલ્ચરલ રિલેશન (આઇસીસીઆર) વિભાગ દ્વારા કંકણને સામેથી નિમંત્રણ મળ્યું : તમે દિલ્હી આવો. દિલ્હીમાં ગરબાની સફળ રજુઆત બાદ ભારત સરકારના સાંસ્કૃતિક આદાન-પ્રદાનના પ્રતિનિધિ તરીકે કંકણની પસંદગી થઇ.

સંસ્થાની યાત્રાની વાતનો દોર સાંધતાં સોનલબહેન ઉમેરે છે : આમ તો આ બધું માતાજી કરે છે. યશની ખરી હકદાર મારા વૃંદની દીકરીઓ છે. એ લોકો બધું સાંભળે છે. અમારાં પહેલા કોરિયોગ્રાફર મારાં બા સવિતાબહેન સાગઠિયા.

જો કે એક સૌથી મોટો સ્તંભ એમના ભાઇ સંજય પણ ખરા. સંજય સાગઠિયા આમ તો જાણીતા હાસ્યકલાકાર, દુરદર્શનના કાર્યક્રમ અધિકારી. એ કહે છે : ૧૯૮૪ના અરસામાં રાજકોટમાં સંસ્થા તો ઘણી હતી, હરીફાઇમાં બધે ભાગ લેવા પણ જતી, પરંતુ રાજયકક્ષાએ રાજકોટની કોઇ સંસ્થાનો નંબર પ્રથમવાર આવ્યો હોય તો એ કંકણ. એ સમયે હું ૨૧ વર્ષનો અને સોનલ ૧૮ની. લોકોને થતું કે આ લોકો શું કરવાનાં... પણ અમારી દીકરીઓએ બધું કરી બતાવ્યું. આજે પાંત્રીસ વર્ષથી અમે માત્ર અમારા સ્નેહીઓના ટેકાથી કામ કરી રહયાં છીએ. હવે અન્ય વૃંદને તક રહે એટલે કંકણ સ્પર્ધામાં નથી જતી.

સંજય સાગઠિયા કંકણમાં રિધમિસ્ટ પણ છે. ઉભા ઉભા ઢોલ વગાડે અને તબલાં પણ વગાડે. શો પહેલાંની વ્યવસ્થા કરે તો તળપદી શૈલીમાં, ગરબાની સંસ્કૃતિની સમજ આપતી રસાળ ઉદઘોષણા પણ કરે.

આ ભાઇ-બહેનને કળા વારસામાં મળી છે. સંજય અને સોનલ સાગઠિયાના દાદા નથુરામ સાગઠિયા રામસાગર અને મંજીરાથી ભજન ગાતા. પિતા હંસદેવ સાગઠિયાએ દાસી જીવણ, લખીરામ, રવિસાહેબ જેવા સંતોની વાણી આત્મસાત્ કરી હતી. હેમંત ચૌહાણની કારકિર્દી શરૂ થઇ એ પહેલાંથી હંસદેવજીને ત્યાં એમની બેઠક. દાદા રાજકોટ આવ્યા પછી રણછોડદાસજી આશ્રમની પાછળ ગરબી ચલાવતા અને સોનલબહેન ત્રણ વર્ષના હતાં ત્યારથી પંચનાથ મહાદેવ પાસે થતી ગરબામાં ભાગ લેતાં. આ બધું ઝીલાયું. બન્નેએ નોકરી-વ્યવસાયની સાથે સાથે આ પ્રવૃત્તિ પણ ચાલુ રાખી છે. જેનું આ ૪૧મું વર્ષ છે.

## સોનલ સાગઠીયા : ૧૮ થી ૫૮ વર્ષની સફર



સોનલબેન સાગઠીયા જયારે ૧૮ વર્ષના હતા ત્યારે કંકણની સ્થાપના થઇ. શરૂઆતમાં શહેર કે જીલ્લા કક્ષાની સ્પર્ધા હોય તેમાં કંકણ હંમેશા પ્રથમ સ્થાને હતી. આ લખનાર (પ્રવીણ ગજજર) આ સમયે સાંજ સમાચારમાં ફોટો જર્નાલીસ્ટ હતા. કંકણ ગ્રુપનો કાર્યક્રમ હોય ત્યારે ફોટોગ્રાફ લેવા અને રીપોર્ટીંગ માટે અમુક પહોંચી જતા. કંકણ સંસ્થા પ્રથમ આવી હોય અને તે શીલ્ડ લેતા હોય તેવા ફોટા મેં વર્ષો સુધી લીધા છે. અને આજે પણ તેના કાર્યક્રમમાં સોનલબેન મને અચુક બોલાવે છે. આમ કંકણ સંસ્થાનો મારી સાથેનો ઘરોબો પણ ૪૦ વર્ષનો છે. આજે તો કંકણ સંસ્થાનું ઇન્ટરનેશનલ કક્ષાએ પહોંચ્યું છે. અને રાજકોટમાં દર વર્ષે કંકણના કાર્યક્રમની રાહ જોવાતી હોય છે.


### પાંચ પરમેશ્વરી

કંકણ સંસ્થાના પાંચ પરમેશ્વર એવા છે. જેનો તમામ પ્રકારનો દર વર્ષે સહયોગ મળતો રહયો છે. જેમાં અકિલાના કિરીટભાઇ ગણાત્રા, સરગમ કલબના પ્રમુખ ગુણવંત ડેલાવાલા, શિક્ષણ જગતના મોભી કિરણભાઇ પટેલ, ફિલ્ડ માર્શલવાળા અરવિંદભાઇ પટેલ અને મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના ડો. અલ્પનાબેન ત્રિવેદી, આર્કીટેકટ નિલેશભાઇ ભોજાણી જે સંસ્થામાં ટ્રસ્ટી છે. જે. ઇન્ટીરીયર અને ફાયનાન્સની તમામ જવાબદારી નિષ્ઠાથી નિભાવે છે.

# પડધરી(મોવૈયા ગ્રામ્ય)માં યોજાયો શિક્ષણ સમારોહ

## અમુભાઇ ભારદીયાના અધ્યક્ષપદે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ-દાતાઓનું સન્માન





શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ ગ્રામ્ય વિસ્તાર-મોવૈયા (પડધરી) દ્વારા તા. ૨૪-૯-૨૩ના રોજ શ્રી સરસ્વતી સન્માન અને દાતાઓના સન્માનનો એક કાર્યક્રમ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરની બાજુમાં યોજવામાં આવ્યો હતો.

શ્રી અમુભાઇ ભારદીયા (રવિ ટેકનોફોર્જ પ્રા.લી.)ના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે અ.ગુ.વિ. સુથાર સંઘના પ્રમુખ પરેશભાઇ છનિયારા, અમદાવાદના શ્રી સૌ.ગુ.સુ. વિશ્વકર્મા પરિવાર વેજલપુરના પ્રમુખ શ્રી રમેશભાઇ તલસાણિયા, જામખંભાળીયાના પ્રમુખ હરૂભાઇ વઘાડીયા, જુનાગઢના પ્રમુખ રાજુભાઇ કરગથરા, અને રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રીકયા ઉપસ્થિત રહયા હતા. આમંત્રિત મહેમાનો તરીકે દરેક શહેર, તાલુકાના પ્રમુખ અને ટ્રસ્ટી મંડળ અને કારોબારી સમિતિના સદસ્યો હાજર રહયા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં શ્રી અમુભાઇ ભારદીયાનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યા બાદ શ્રી અમુભાઇ ભારદીયા સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યા બાદ બાળાઓએ નૃત્ય ગાન દ્વારા સૌનુ સ્વાગત કરવામાં આવ્યું હતુ. બાદમાં સંસ્થાના પ્રમુખ કિશોરભાઇ બકરાણિયા અને તેની ટીમે શ્રી અમુભાઇ ભારદીયા અને રંજનબેન ભારદીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડાયસ પર બિરાજમાન અતિથિ વિશેષશ્રીઓનું સંસ્થા દ્વારા બુકે તથા સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરાયું હતું.

સન્માન બાદ સંસ્થાના પૂર્વ પ્રમુખ સ્વ. ભરતભાઇ કડેચાની પુત્રી કિંજલ કડેચાએ સમાજના વિકાસ માટે આપેલ યોગદાનની છણાવટ કરી અને શિક્ષણું મહત્વ સમજાવ્યું હતું. ક્રિજલ કડેચાનું ખેસ પહેરાવી પ્રમુખ કિશોરભાઇ અને બહેને ખેસ પહેરાવી સન્માન કયું હતું.


આ તકે સ્વ. ભરતભાઇ કડેચાના પિતા જમનભાઇ કડેચાનું અમુભાઇ ભારદીયા અને પરેશભાઇ છનિયારાનું મોમેન્ટો દ્વારા સન્માન કરાયું હતું. સંસ્થાના સલાહકાર દામજીભાઇ અઘારાનું શ્રી અમુભાઇ ભારદીયાએ સન્માન કર્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

જુનાગઢના રાજુભાઇ કરગથરાએ સમાજ મંદિર છે અને



પ્રમુખ કિશોરભાઇ અને તેની ટીમ દ્વારા શ્રી અમુભાઇ ભારદીયા અને રંજનબેન ભારદીયાને સ્મૃતિ ચિન્હ અર્પણ



અમદાવાદના રમેશભાઇ તલસાણિયાનું નિખીલભાઇ અને સાથીદારો દ્વારા સન્માન



રા.ગુ.સુ. કન્યા છાત્રાલયના ચેરમેન શ્રી જગુભાઇનું સન્માન



જામનગરના પ્રમુખ રમણીકભાઇ ઘોરેચા, ટ્રસ્ટી દિલીપમામા અને તેની ટીમ દ્વારા કિશોરભાઇનું સન્માન



શ્રી મનસુખભાઇ કનોજીયા અને સાથીદારો દ્વારા પ્રમુખનું સન્માન



બકરાણિયા પરિવારના પ્રમુખ પ્રફુલભાઇ, હર્ષદભાઇ અને સાથીદારો દ્વારા પ્રમુખનું સન્માન

આ મંદિરરૂપી સમાજને દાન આપવા અપીલ કરી હતી.

રાજકોટના પ્રમુખ રસીકભાઈએ પણ સંસ્થાના વિકાસ માટે જહેમત ઉઠાવનાર મહાનુભાવોને અભિનંદન આપી રાજકોટમાં જ્ઞાતિ દ્વારા થતી પ્રવૃત્તિની માહિતી આપી હતી.

પરેશભાઇ છનિયારાએ આ પ્રસંગે શિક્ષણની મહત્વતા સમજાવી મજબુત શિક્ષણ કુટુંબ સમાજ-રાજય અને દેશનો વિકાસ કરી શકે છે. તેમ જણાવ્યું હતું. અધ્યક્ષસ્થાનેથી શ્રી અમુભાઇ ભારદીયાએ સ્વ. ભરતભાઇ કડેચાને સ્મૃતિ વંદના કરી જણાવ્યું હતું કે તેમની યાદી સમાજને કાયમ રહેશે.



શ્રી અમુભાઇ ભારદીયા અને પરેશભાઇ છનિયારા દ્વારા દાતા જમનભાઇ કડેચાનું સન્માન

## શિક્ષણ માટે શ્રી અમુભાઇ ભારદીયા દ્વારા રૂ. ૫૧,૦૦૦નું અનુદાન

તેમણે કહયું કે, હું અને મારો પરિવાર જે કોઇ અનુદાન રૂપી સેવા કાર્ય કરીએ છીએ તે ફરજના ભાગરૂપે કરીએ છીએ. આજે સમાજમાં અનેક અમુભાઇ ઉભા કરો.

તેમણે વિદ્યાર્થીઓને સંબોધીને કહયું કે, તમારા આત્માને પુછીને આગળ વધો તમે ઘણું કરી શકશો. પરંતુ શિક્ષણની જરૂરીયાત સમજો કુટુંબ એકતા કેળવો.

તેમણે આઠ શહેરોમાં રવિકુમાર ફાઉન્ડેશન દ્વારા અપાયેલ દાન બાદ ૯ શહેરોની યોજના પાઇપ લાઇનમાં હોવાનું અને પડધરીનું પ્લાનીંગ જોઇને આગળનું વિચારશે તેમ જણાવ્યું હતું.

તેમણે કહેલુ વાવેલું કોઇ લઇ જતું નથી. પ્રમુખો તો બદલતા રહે છે. સંસ્થા મહત્વની છે. તેમણે કહયું કે, સમાજ માટે મને લાગણી અને પ્રેમ છે. હું કાયમ સમાજની સાથે ઉભો રહીશ.

જામનગરના દિલીપભાઇ ભારદીયાએ સમાજમાં ભેદભાવ ન રહે તે રીતે કામ કરીશું તેમ જણાવી અમુભાઇ ભારદીયા દ્વારા સમાજો માટે થતા દાનકાર્યની માહિતી આપી. જામનગર જ્ઞાતિ દ્વારા કન્યા છાત્રાલયને અપાયેલા દાનની માહિતી આપી તેમણે કહયુ કે, રાજકોટમાં વાડી બનશે. ત્યારે જામનગરમાંથી ૧ કરોડ રૂ.નું ફંડ એકત્ર કરી આપવાની તૈયારી બતાવી હતી.



રાજકોટના મહિલા ધુન મંડળના પ્રમુખ કુંદનબેનનું સન્માન



કિંજલ કડેચાનું સન્માન





અમુભાઇના હસ્તે વિદ્યાર્થી સન્માન



રંજનબેન ભારદીયાનું સન્માન



રસીકભાઇ બદ્રકિયા દ્વારા જીતેન્દ્રભાઇ વડગામાનું સન્માન

આ પ્રસંગે જમીન માટે દાન આપનાર તેમજ શિક્ષણ માટે દાન આપનાર તમામ દાતાઓનું હોદ્દેદારો અને મહેમાનોના હસ્તે સન્માન કરાયું હતું. અન્ય સેવા કાર્યકરોનું પણ સન્માન કરાયું હતું.

વિવિધ શહેરોની સંસ્થાઓ દ્વારા પ્રમુખ કિશોરભાઇનું તેમજ અન્યોનું પણ સન્માન કરાયું હતું.



આ પ્રસંગે શ્રી અમુભાઇ ભારદીયાએ શિક્ષણ માટે રૂા. ૫૧,૦૦૦ના અનુદાનની જાહેરાત કરી હતી. રમેશભાઇ તલસાણિયાએ રૂા. ૨૫૦૦૦, દામજીભાઇ અઘેરાએ રૂા. ૨૫૦૦૦ના અનુદાનની જાહેરાત કરી હતી. આ પ્રસંગે કુલ ૨.૨૫ લાખના અનુદાનની જાહેરાત થઇ હતી.

આ પ્રસંગે ગુર્જર સુતાર કન્યા છાત્રાલયના ટ્રસ્ટી મગનભાઇ બોરાણિયા, હર્ષાબેન જગુભાઇ ભારદીયા, અંકિત ભારદીયા, વિનુભાઇ વડગામા, અમરશીભાઇ બકરાણિયા વગેરે ઉપસ્થિત રહયા હતા.

પ્રમુખ કિશોરભાઇ બકરાણિયા, ઉપપ્રમુખ નિલેશ ધ્રાંગધરિયા, મંત્રી રવિભાઇ ધ્રાંગધરિયા, ખજાનચી વિનોદ ઘોરેચા, સભ્યો સતિષભાઇ વડગામા, જીતેશભાઇ ધ્રાંગધરિયા, મનિષભાઇ પંચાસરા, હાર્દિક પંચાસરા, વિનોદભાઇ વડગામા, નરેન્દ્ર બકરાણિયા, બિપિનભાઇ સુરેલીયા, સલાહકાર દામજીભાઇ અઘેરા વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન નીતિન બદ્રકિયાએ કર્યું હતું.


# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો, ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.



Paytm G Pay

**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર Paytm અથવા G Pay કરો**

**અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...**

**www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઇલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...**

# શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ ડાકોર દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો

## ૧૧ રૂમના આધુનિકરણની જાહેરાત











તા. ૧૭-૦૯-૨૦૨૩ને રવિવારના રોજ વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ, ડાકોર ખાતે ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા, શ્રી વિશ્વકર્મા સરસ્વતી સન્માન સમારોહ અને આપણા લોકલાડીલા ગુજરાત સુપુત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ૭૩માં જન્મદિનની ઉજવણી ખુબ જ હર્ષોલ્લાસ સાથે કરાઇ.

પાંચ રૂમના આધુનિકરણનું અનાવરણ કરાયું. આધુીનકરણના દાતાશ્રીઓ અને સમાજના તારલાઓ સમાન વિદ્યાર્થી ભાઇ-બહેનોનું સર્ટીફીકેટ, મોમેન્ટો, ગીફ્ટ અને ચાંદીના સિક્કાથી સન્માન કરાયું.

સમારંભનું પ્રમુખ સ્થાનેથી તુલસીભાઇ સોનીગરાએ સન્માનિત વિદ્યાર્થીઓને ખુબ જ પ્રેરણાદયી પ્રવચન કરેલ.

સંસ્થાના પ્રમુખ નિમેશભાઇ સુથારની ટહેલથી અગિયાર જેટલા રૂમના આધુનિકરણનું માતબરદાનની સરવાણી વહી જેના અભિનંદન આપતા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ચંદ્રવદન મિસ્ત્રીએ નવી કારોબારીની કાર્યપ્રણાલીની ખુબ જ સરાહના કરી.

રમેશભાઇ વડગામા(ધનસુરા)એ સામાજીક એકતાની મિસાલ એવા પ્રથમ શ્રી વિશ્વકર્મા સુવર્ણ મંદિરના પાંચે પુત્રોની ભાવનાને બિરદાવી.

કેળવણી કમિટીના સર્વે સભ્યો અને વિશેષશ્રી ગૌતમભાઇ સુથારનું કાર્ય નોંધપાત્ર રહયું.

શ્રી વિશ્વકર્મા ધર્મપ્રચાર સમિતિ-ગુજરાતનો અહેવાલ આપતા શ્રી ભરતભાઇ સુથારએ શ્રી વિશ્વકર્મા મંદિર, પહાડગંજ, નવી દિલ્હીમાં શ્રી વિશ્વકર્મા સુવર્ણ મંદિર, ડાકોરની થ્રીડી ડિજિટલ પ્રતિમાના અનાવરણના સમારોહની વિસ્તૃત જાણકારી અને ત્યાંના પ્રમુખ ગંગાદીન ચોયલનો આભાર માન્યો સાથે શ્રી વિશ્વકર્મા ધર્મ પ્રચાર સમિતિની તથા સર્વે સભ્યોની સુપ્રવૃત્તિઓ થકી થયેલ શ્રી વિશ્વકર્મા પુરાણ કથા મહોત્સવો તથા આગામી આયોજનોની માહિતી આપી.

શ્રી વિશ્વકર્મા ધર્મ પ્રચાર સમિતિ-ગુજરાત તરફથી શ્રી વિશ્વકર્મા સુવર્ણ મંદિર, ડાકોરની પ્રતિમાના હજારો ફોટાના વિતરણની યોજનાની શ્રી પ્રવીણભાઇ ગજ્જરએ જાહેરાત કરી.

સંસ્થાના મંત્રી જયંતિભાઇ સુથારએ સભાનું સુંદર સંચાલન કર્યું અને સહમંત્રી વિપુલભાઇ ગજ્જરે આભારવિધિ કરેલ.

**અહેવાલ : ભરત સુથાર, ઉંઝા-અમદાવાદ.**


છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
VB
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી



# શિક્ષણના માધ્યમથી જ સમાજમાં પરિવર્તન થાય : શ્રી જગુભાઇ ભારદીયા

તસવીરો અને અહેવાલ : પ્રવીણ ગજ્જર

## અમદાવાદમાં સૌ. ગુ.સુ. યુવક સંઘ દ્વારા ચારેય સંસ્થાના સહયોગથી યોજાયો 'શિક્ષણોત્સવ'

અમદાવાદની મુખ્ય સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ દ્વારા અમદાવાદની અન્ય ચારેય સંસ્થાના સહયોગથી તા. ૩-૯-૨૩ના રોજ મણીનગર ખાતે આવેલ શ્યામપ્રસાદ વસાવડા કોમ્યુનિટી હોલ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનું ઇનામ વિતરણ અને શિષ્યવૃત્તિ પ્રદાન સમારંભનું ભવ્ય અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. કન્યા છાત્રાલયના ચેરમેન અને દાતા શ્રી જગુભાઇ ભારદીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થા માટે ગૌરવની વાત એ છે કે આ કાર્યક્રમને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંસ્થાના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયાને પત્ર લખી શુભેચ્છા પાઠવી હતી.



મુખ્ય મહેમાન જગુભાઇનું સન્માન કરતા શ્રી ધર્મેન્દ્રભાઇ દેવળીયા અને રમેશભાઇ તલસાણિયા

રાજયના મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા મુખ્ય મહેમાનપદે હતા. પરંતુ તેઓને દિલ્હી જવાનું થયું હોવાથી ઉપસ્થિત રહી શકયા ન હતા. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે અ.વિ.સુ.સંઘના પ્રમુખ પરેશભાઇ છનિયારા, ડો. જયેશભાઇ ગજ્જર(એમ.ડી. પીડીયા.), નિવૃત્ત કલેકટર એચ.આર. સુથાર, ગુ.યુનિવર્સિટીના ડીન પ્રો. પંકજભાઇ નટવરલાલ ગજ્જર, અમદાવાદની સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર વિશ્વકર્મા પરિવાર વેજલપુરના પ્રમુખ રમેશભાઇ તલસાણિયા, વીસીએસ ઇન્ડિયા પ્રા.લી.ના મેનેજીંગ ડાયરેકટર શ્રી હસમુખભાઇ પનારા, અમદાવાદની બહેનોની સંસ્થા શ્રી વિશ્વકર્મા સહિયર ગ્રુપના પ્રમુખ શ્રીમતી ભાનુબેન અખીયાણીયા ઉદ્યોગપતિ રાજુભાઇ ભારદીયા, ડો. કુ. હિમાલીબેન પારૂલભાઇ શેરશીયા, મનહરભાઇ વીસાવડીયા, બિલ્ડર મનસુખભાઇ પાટણવાડિયા, વાડજ યુથ ફોરમના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા, રાજકોટ ગુ.સુ. કન્યા છાત્રાલયના ટ્રસ્ટી મગનભાઇ બોરાણીયા, મણીનગર સંસ્થાના પ્રમુખ રસીકભાઇ ધ્રાંગધરિયા, સ્ટેજ પર બિરાજમાન થયા હતા. આમંત્રિત મહેમાનો તરીકે સૌરાષ્ટ્ર-ગુજરાતની સંસ્થાના પ્રમુખો અને અન્ય હોદેદારો પણ સ્ટેજ પર બિરાજમાન થયા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં ધર્મેન્દ્રભાઇ દેવળીયાએ સૌને આવકાર્યા બાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોએ પ્રાસંગીક ઉદ્દબોધન કર્યા હતા.

### શ્રીમતી ભાનુબેન અખીયાણીયા

શ્રી વિશ્વકર્મા સહિયરના પ્રમુખ શ્રીમતી ભાનુબેન અખીયાણીયાએ



શ્રીમતી ભાનુબેન અખિયાણીયાનું સન્માન



રમેશભાઇ તલસાણિયાનું સન્માન કરતા રસીકભાઇ ધ્રાંગધરિયા, હસમુખભાઇ શંખલપરા અને હિતેશભાઇ વડગામા



શ્રી હસમુખભાઇનું સન્માન કરતા હરિન મિસ્ત્રી અને સાથી



મનસુખભાઈ પાટણવાડિયાનું સન્માન કરતા કલ્પેશભાઈ બાસોપીયા અને નીતિન પિલોજપરા



મનહરભાઈ પીસાવડીયાનું સન્માન કરતા વિનુભાઈ મહીધરીયા



શ્રી ધર્મેન્દ્રભાઈ ખંભાયતા અને શાંતિભાઈ ખોડદીયાના હસ્તે સન્માન

સમાજમાં સ્ત્રીનું શું મહત્વ છે. તેની વિસ્તૃત છણાવટ કરીને સૌએ વિશ્વકર્મા પ્રભુજીના દર્શન-પુજન અચુક કરવાનું જણાવી અને સમાજના વિકાસમાં શિક્ષણની સાથે ધાર્મિક હોવાનું પણ જણાવ્યું હતું.

## શ્રી મનહરભાઈ પીસાવડીયા

આ પ્રસંગે મનહરભાઈ પીસાવડીયાએ પોતાને સ્ટેજ પર બેસવાને લાયક ગણાવ્યો તેને જીવનની આનંદ અને ધન્યની ઘડી ગણાવી હતી. તેઓએ સમાજમાં થતા ઝઘડાઓ બંધ કરાવી ભાઈચારાની ભાવના કેળવવાની હિમાયત કરી હતી.

## ડો. જયેશભાઈ ગજ્જર

ડો. જયેશભાઈ આર. ગજ્જર(બકરાણિયા)એ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં કહયુ કે ઈનામ વિતરણ સમારંભ જોઈને ભુતકાળની યાદો તાજી થાય છે. તેમણે ઈનામનું શું મહત્વ છે. તેની વિસ્તૃત છણાવટ કરીને જણાવ્યું કે, વિદ્યા દાન એ શ્રેષ્ઠ દાન છે. મંદિરમાં દાન આપીએ તે દાન છે. પણ વિદ્યાદાન એ શ્રેષ્ઠ દાન હોવાથી સમાજે વિદ્યા દાનમાં રસ લેવો જોઈએ.

# ૩૮૫ જેટલા વિદ્યાર્થીઓનું સન્માન અને ઈનામ વિતરણ

## શ્રી હસમુખભાઈ પનારા

શ્રી હસમુખભાઈ પનારાએ આજકાલ મોબાઈલનો વ્યાપ વધતો જાય છે. ત્યારે વિદ્યાર્થીઓએ મોબાઈલનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ. મોબાઈલનો ઉપયોગ નોલેજ મળે તે માટે થાય તેવો સૌએ પ્રયત્ન કરવાની સાથોસાથ વાલીઓએ પણ પોતાના બાળકો મોબાઈલનો દુરુપયોગ નથી કરતાને તેની ચીવટ રાખવી જોઈએ. તેઓએ સમાજમાં શિક્ષણના મહત્વની વાત કહી જણાવ્યું કે, શિક્ષણ જ શિક્ષીત સમાજનું નિર્માણ કરી શકશે.

## ડો. પરેશભાઈ છનિયારા

ડો. પરેશભાઈ છનિયારાએ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરી તેને પ્રોત્સાહિત કરવા જોઈએ. તેઓએ સમયરૂપી દાન કરવાની શીખ આપી હતી. તેમણે 'સ્કીલ'ની જરૂરીયાત પર ભાર મુકી કહયુ કે, આ સ્કીલનો જમાનો છે અને આવતા દિવસોમાં જેનામાં સ્કીલ હશે તે જ સફળ થઈ શકશે.

તેમણે સંગઠનની જરૂરીયાત જણાવી અને સંગઠન મજબુત થાય તો જ સમાજ મજબુત થશે તેમ જણાવી સમાજ મજબુત થઈ રહયો હોવાનું જણાવ્યું હતું.

## શ્રી એચ.આર. સુથાર

નિવૃત્ત કલેકટર શ્રી એચ. આર. સુથારે આજના જમાનામાં શિક્ષણનું મહત્વ સમજાવી કહયુ કે, શિક્ષણની સાથે સમજણ પણ જરૂરી છે. સમાજમાં શિક્ષણ હશે તો સમાજનો સર્વાંગી વિકાસ થઈ શકશે.

## શ્રી જગુભાઈ ભારદીયા

કાર્યક્રમના મુખ્ય મહેમાન પદેથી રાજકોટની કન્યા છાત્રાલયના ચેરમેન અને દાતા શ્રી જગુભાઈ ભારદીયાએ અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે, શ્રમ અને સંસ્કૃતિમાં માનનારો શ્રી ગુર્જર સુથાર સમાજ સમગ્ર રાજય અને દેશમાં સર્જનનો વાહક છે. આજે જે વિદ્યાર્થીઓને ઈનામ મળ્યા તે વિદ્યાર્થીઓ માટે તો ગૌરવની વાત છે જ પરંતુ તેમના મા-બાપ માટે, આપણા સમાજ માટે પણ ગૌરવની વાત છે. અને આજે વિદ્યાર્થીઓનું સન્માન થયું તેની સાથે સાથે શિક્ષણનું પણ સન્માન થયું છે. એટલે શિક્ષણ આપણા સમાજમાં પહેલેથી જ વણાયેલું છે.

હુ એમ ચોકકસ પણે માનું છું કે રાષ્ટ્રનું નિર્માણ કોઈ ઉદ્યોગપતિઓની મોટી ફેકટરીમાં થતું નથી પરંતુ તેના સાચા ઘડવૈયાઓ શિક્ષકો છે. અને ભારતમાં કે સમાજમાં પરિવર્તન લાવવું હશે તો એ શિક્ષણના માધ્યમથી જ શકય છે.

આજના યુગમાં શિક્ષણનું પ્રમાણ ખુબ જ વધ્યું છે. આધુનિક



શ્રી અશોકભાઈ દશાડીયા દ્વારા રમણિકભાઈ પાટણવાડિયાનું સન્માન



રાજકોટની ગુ.સુ. કન્યા છાત્રાલયના ટ્રસ્ટી મગનભાઈ બોરાણીયાનું સન્માન કરતા કુણાલ બગ્રકિયા, કલ્પેશભાઈ બાસોપીયા, અજયભાઈ ઝીંઝુવાડીયા નજરે પડે છે.



હસમુખભાઇ પનારાના હસ્તે
વિદ્યાર્થી સન્માન



પરેશભાઇ છનિયારાના હસ્તે
વિદ્યાર્થી સન્માન



પારૂલકુમાર શેરશીયા અને પરેશભાઇ
કલોલીયાના હસ્તે ઈનામ વિતરણ

# ૨૨ જેટલા મા કે બાપ વિહોણા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રદાન

શાળાઓ, તાલીમબદ્ધ શિક્ષકો, તમામ પ્રકારની સવલતો છતાં જે ઝડપે શિક્ષણનું પ્રમાણ વધી રહયું છે. તે જ ઝડપે બાળક અપરાધીઓનું પ્રમાણ કેમ વધી રહયું છે ? આજે જે ઝડપે ટેકનોલોજી વિકાસ પામે છે, તે જ ઝડપે વળી સંતાન વચ્ચેના સંબંધોમાં તિરાડ કેમ પાડવા લાગી છે ? આજે જનરેશન ગેપ કેમ વધતો જાય છે ? આજે જેમ સ્કુલોનું પ્રમાણ વધી રહયું છે તો સાથે વૃદ્ધાશ્રમનું પ્રમાણ પણ એટલું જ વધી રહયું છે. કોણ છે જવાબદાર ? આજે માત્ર પરીક્ષાલક્ષી શિક્ષણ થઇ ગયું છે. શિક્ષણને માત્ર પરીક્ષાલક્ષી કે અર્થલક્ષી બનતું અટકાવી તેને જીવનલક્ષી કરવાની જરૂર છે. મિત્રો, શિક્ષણની સાથે કેળવણીની પણ જરૂરીયાત એટલી જ રહેલી છે. માટે આ હંમેશા યાદ રાખજો, માત્ર શિક્ષણ જ નહીં પરંતુ સાથે ઉચ્ચ વિચારો, નવરાશે સારા પુસ્તકોનું વાંચન પણ એટલું જ જરૂરી છે. અને એ જ તમને સાચી કેળવણી આપશે અને સાચો જીવન જીવવાનો માર્ગ દેખાડશે. માટે જીવનમાં જેમ જ્ઞાન જરૂરી છે અને કર્મ પણ જરૂરી છે. જીવનમાં મેળવું જરૂરી છે અને ત્યાગ પણ જરૂરી છે. જીવનમાં તેજસ્વીતા જરૂરી છે તેમ મધુરતા પણ જરૂરી છે. જીવનનો અર્થ છે, ગુણ, કર્મ, સ્વભાવને શ્રેષ્ઠ બનાવવાનો પ્રયત્ન કરવો અને તેના માટે પોતાની બુદ્ધિ અને હાથનો પુરેપુરો ઉપયોગ કરવો.

મિત્રો શિક્ષણ વ્યવસાય અને સમાજમાં સમાનતાની જરૂર છે. પ્રમાણિકતાની જરૂર છે શિસ્તી જરૂર છે. આ ત્રણ ક્ષેત્રોમાં સકારાત્મક અને પ્રમાણિક, શિસ્તભરી સમાનતા આવશે ત્યારે જ આપણે ભારતને ગૌરવવંત સાચા અર્થમાં બનાવી શકીશું.

બીજી એક ખાસ વાત મારે વિદ્યાર્થી મિત્રોને કહેવી છે કે જેમ વિદ્યાર્થીને શિક્ષણમાં વિશ્વાસ હોય તો જ પરીક્ષામાં સફળતા મેળવી શકે. રમતવીરોને તેના કોચમાં શ્રદ્ધા હોય તો જ તે શ્રેષ્ઠ રમત રમી શકે. તમારા શિક્ષક પર તમારા કોચ પર અને તમારી જાત પર પણ અતૂટ શ્રદ્ધા રાખો. તમને સફળ થતા કોઇ જ રોકી નહીં શકે. સ્વામી વિવેકાનંદ કહેતા કે આ યુગમાં જેને પોતાની જાત પર શ્રદ્ધા છે તે જ સાચો આસ્તિક છે, અને તે જ સફળતાને પામે છે. જેને પોતાની જાત પર શ્રદ્ધા નથી તે આ યુગનો નાસ્તિક મનુષ્ય છે.

કલામ સાહેબની બુકમાં મેં વાંચેલુ કે જેમાં કલામ સાહેબે પ્રોફેસર ધવનને આટલો ઉચ્ચ અભ્યાસ, વિદ્યાઓ વિષે પુછયુ ત્યારે પ્રોફેસર ધવનએ કહયું કે, 'કલામ તમે અરીસો જોયો છે ને ? આપણે બધા જાણીએ છીએ કે ધૂળ સાફળ થઇ જાય પછી અરીસો ચમકે છે અને આપણું પ્રતિબિંબ ચોખ્ખુ જોઇ શકીએ છીએ. આમ શિક્ષણ મેળવવાની કલા પણ તેવી જ છે. આપણી અજ્ઞાનતા દુર કરવી જરૂરી છે. અજ્ઞાનતા દુર થશે તો જ શિક્ષણ મેળવી શકાશે, નિષ્પ્રાણ ને મનપ્રાણ શિક્ષણ સમાજના શત્રુ છે. શિક્ષણ તો ચેતનાની ખેતી છે.

માતા પાસેથી સંસ્કાર શીખવા મળે છે અને પિતા પાસેથી પુરૂષાર્થ શીખવા મળે છે, પોતાના જીવનનો મહત્વ સમય જે પુત્રોની પાછળ ખર્ચ્યો હોય તેની પાસે થોડાક સમય અને થોડીક કાળજી સિવાય માતા-પિતા પોતાનો પુત્ર પાસે કશું જ માંગતા નથી, તો આજના સંતાનોને ખાસ ખાસ વિનંતી છે કે માતાપિતાની ઇચ્છાને પુરી કરે.

આજે આપણે સૌ જ્ઞાતિજનોએ એ સંગઠન, સંસ્કારીતા વધુને



શ્રી રમેશભાઇ તલસાણિયા અને શ્રી ધર્મેન્દ્રભાઇ
દેવળીયાના હસ્તે શિષ્યવૃત્તિ એનાયત



કુ.હીમાલીબેન શેરશીયાનું વિશ્વકર્મા સહિયરની
બહેનોના હસ્તે સન્માન



સુરતના પ્રમુખ હસમુખભાઇ વધાડીયાનું
સન્માન કરતા અશોકભાઇ દશાડીયા





## પ્રો. ડી. જે. બાવળેચા, દાતાશ્રી કાંતિભાઇ સુરેલીયા અને શિક્ષણ જગતના નાગરભાઇનું સન્માન

વધુ કેળવી સમાજને ઉપયોગી થાય તેવા કાર્યો કરતા રહેવું પડશે. અને આપણા સમાજ માટે જે કોઇ સારા કાર્યો કરે છે તેને હંમેશા મદદરૂપ થઇએ અને સમાજની સેવા તો ભાગ્યશાળીને જ મળે છે. જેવી રીતે ગુલાલને ખિસ્સામાં ભરી ન રખાય પણ તેને બધાયની વચ્ચે ઉડાડવાથી તેની શોભા વધે છે. તેમ આપણી પાસે જે કોઇ આવડત, જ્ઞાન, ધન જે આપણને દાદાએ આપ્યું છે તેને યથાયોગ્ય રીતે સમાજમાં વહેંચવાનો હંમેશા પ્રયત્ન કરવો જોઇએ.

આજના સમયમાં સંગઠનની શકિત જ સર્વશ્રેષ્ઠ છે. તમારું સંગઠન હંમેશા મજબુત અને સ્વચ્છ હોવું ખુબ જ જરૂરી છે માટે હંમેશા એકબીજાને શકિતને બિરદાવો, અભિનંદન આપો, હંમેશા સમાજને જોડવાનું કામ કરજો. કયારેય તોડવામાં ભાગીદાર થતા નહીં કારણ કે શાસ્ત્રોમાં લખ્યું છે કે કળયુગમાં સંગઠનની શકિત જ શ્રેષ્ઠ છે, જે આપણે જોઇ પણ શકીએ છીએ.

કોઇપણ જ્ઞાતિનો વિકાસ મારી દ્રષ્ટિએ સંપૂર્ણ નાણાકીય સદ્ધરતા ઉપર આધારીત છે. પારદર્શક વહીવટ આપવાને કારણે દાતાઓ આંખો બંધ કરી ધન આપે છે. હું જોવ છું કે ગુર્જર સુતાર જ્ઞાતિ અમદાવાદનો સિતાર મારી પાસે આવ્યો છે જે પારદર્શક છે.

આપણા સમાજની અને રાષ્ટ્રની પ્રગતિ માટે આપણે સૌ સાથે મળીને કામ કરવાનું છે. હોદ્દા તો વ્યવસ્થાનો એક ભાગ છે. બાકી આપણે સૌ વિશ્વકર્મા દાદાના સંતાનો છીએ. કોઇ નાનું કે મોટું નથી. હું એમ માનું છું કે સારુ કામ કરવા માટે ધન કરતાં પણ સરળ હૃદય અને સંકલ્પની જરૂર છે.

મને આટલું સમ્માન આપવા બદલ અમદાવાદની આપણા સમાજની ચારેય સંસ્થાઓના સુત્રધારોનો આભારી છું. સૌને જય વિશ્વકર્મા કહી મારી વાતને વિરામ આપું છું.

આ ઇનામ વિતરણ અને શિષ્યવૃત્તિ પ્રદાન કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે ૩૭૫ વિદ્યાર્થીઓને સન્માનીત કરી અને ૫૦૦૦ રૂા.ની કિંમતની ડીઝીટલ વોચ સહિતના ઇનામો આપવામાં આવ્યા હતા. દરેક શ્રેણીમાં પ્રથમ ત્રણ ઉપરાંત આશ્વાસન ઇનામો મળી કુલ ૩૭૫ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. વિધવા બહેનોના ૨૨ જેટલા વિદ્યાર્થી અને ઉચ્ચ શિક્ષણ માટે ૧.૨૨ લાખના પુરસ્કારો હોદેદારો અને મહેમાનોના હાથે અપાયા હતા.

આ પ્રસંગે શિક્ષણ જગતના મોભી શ્રી ડી. જે. બાવળેચા, જાણીતા દાતા શ્રી કાંતિભાઇ સુરેલીયા, અને શિક્ષણ માટે અનેરી સેવા આપનાર નાગરભાઇનું પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઇ દેવળીયા અને તેની ટીમે કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જીગીશા ગજ્જર, હિતેશ વડગામા અને વિનુભાઇ મહીધરીયાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આશરે ૯૦૦ જેટલા લોકોએ પ્રિતી ભોજન લીધું હતું. આયોજનને સફળ બનાવવા ચારેય સંસ્થા અને અન્ય સંસ્થાઓએ જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી ઉપસ્થિત વિવિધ સંસ્થાના હોદેદારોએ શ્રી ધર્મેન્દ્રભાઇ દેવળીયાનું સન્માન કર્યું હતું.

# સોનીગરા પરિવાર દ્વારા સુડાવડ ખાતે યોજાયો વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ

## દાતાશ્રી અંબાલાલભાઇ અને વિશ્વાસ સોનીગરાને શ્રી વિશ્વકર્મા એવોર્ડ


સંબોધન કરતા શ્રી તુલસીભાઇ સોનીગરા


રાજકોટના શ્રી રમણીક પાટણવાડીયાનું સન્માન


અમદાવાદના શ્રી વિશ્વાસ સોનીગરાને વિશ્વકર્મા એવોર્ડ



અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના સુડાવડ ખાતે આવેલ સોનીગરા પરિવાર સુરાપુરા મંદિર ખાતે બે દિવસનો ધાર્મિક, વિદ્યાર્થી સન્માન અને દાતા તેમજ ઉદ્યોગપતિનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

તા. ૧૪ના રોજ ૫૧ ફૂટ ઉંચા ધ્વજ અર્પણ કરવામાં આવ્યો હતો. સંસ્થાના સ્થાપક ગો.વા. ભીખુભાઇ નારણભાઇ સોનીગરાની કાયમી સ્મૃતિમાં તેમના પુત્રો ગોપાલભાઇ રમેશભાઇ અને જયસુખભાઇ દ્વારા આ ૫૧ ફુટ ઉંચો ધ્વજ અર્પણ કરવામાં આવ્યો હતો.

તા. ૧૫ના રોજ સર્વ પિતૃ અમાસ નિમિત્તે સૌ પરિવારે પિતૃઓને પાણી પાઇ શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થી સન્માન સમારંભ પણ યોજાયો હતો. સન્માન સમારંભના ડાયસ પર આમંત્રિત મહેમાનો રાજકોટ ગુ.સુ. પ્રગતિ મંડળના પૂર્વ અધ્યક્ષ અરવિંદભાઇ આર. સોંડાગર, પ્રમુખ રમણીકભાઇ પાટણવાડિયા, ગુર્જર સુતાર જ્ઞાતિ વિશ્વકર્મા મંદિરના પ્રમુખ શાંતિભાઇ ચાંપાનેરા, શ્રી ગુર્જર સુતાર સમાજ અમરેલીના પ્રમુખ જીતેન્દ્રભાઇ સોંડાગર, શ્રી સોરઠીયા ગુ.સુ. જ્ઞાતિ ગોંડલના પ્રમુખ કિરીટભાઇ ખંભાયતા, શ્રી વિશ્વકર્મા સેવા સમાજ બગસરાના પ્રમુખ કનુભાઇ સોંડાગર, શ્રી સોરઠીયા વિશ્વકર્મા ગુર્જર સુતાર જ્ઞાતિ જુનાગઢના પ્રમુખ જગદીશભાઇ જાલેરા ટ્રસ્ટીઓ અંબાલાલ પ્રાગજીભાઇ સોનીગરા (સુરત), કાંતિભાઇ છગનભાઇ સોનીગરા (મુંબઇ), તુલસીભાઇ મોહનભાઇ સોનીગરા (અમદાવાદ), જયંતીભાઇ દેવજીભાઇ સોનીગરા (રાજકોટ) અને હેમેન્દ્રભાઇ પ્રભુદાસભાઇ સોનીગરા (જેતપુર) વગેરે ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે રાજકોટ ગુર્જર સુતાર પ્રગતિ મંડળના પ્રમુખ રમણીકભાઇ પાટણવાડિયાએ આજના સમયમાં શિક્ષણનું શું મહત્વ છે. તેની વિસ્તૃત છણાવટ કરી હતી.

અરવિંદભાઇ સોંડાગરે આ પ્રસંગે સમાજમાં સંગઠનની અને શિક્ષણની જરૂરીયાત અંગે વિસ્તૃત છણાવટ કરી હતી. તુલસીભાઇ સોનીગરાએ સ્વાગત પ્રવચન કરવાની સાથોસાથ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તેવા પ્રયાસો હાથ ધરવાનું જણાવી કહયું હતું કે, શિક્ષણથી જ સમાજમાં વિકાસ થશે.





પ્રારંભમાં મહેમાનોનું બુકે તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જયારે સોનીગરા પરિવારના મોભી અને દાતા શ્રી અંબાલાલભાઇ પ્રાગજીનું જ્ઞાતિ રત્ન એવોર્ડથી સન્માન કરાયું હતું. જયારે યુવા વયે મોડયુલર ફર્નીચર ક્ષેત્રે દેશ અને વિદેશમાં હરણફાળ ભરી ગુજરાતનું નામ રોશન કરનાર અમદાવાદના વિશ્વાસ તુલસીભાઇ સોનીગરાને શ્રી વિશ્વકર્મા એવોર્ડ અર્પણ કરી સન્માન કરાયું હતું.

ત્યારબાદ વિવિધ ધોરણના વિદ્યાર્થીઓનું મેડલો આપી સન્માન કરાયું હતું. જેમાં હેમાલી બ્રીજેશભાઇ, કુંજલ અતુલભાઇ, દેવાંશી સંજયભાઇ, સુજલ કિશોરભાઇ, ધ્રુવી મુકેશભાઇ, યશ નિલેશભાઇ, વૈભવી સંજયભાઇ, માનવ સતીષભાઇ, તૃષાલી નવનીતભાઇ, ધ્વની વિશ્વાસભાઇ, યશ્વી લલીતભાઇ, માનશ્રી પંકજભાઇ, પ્રતિક પ્રફુલભાઇ, દીક્ષીતા દિનેશભાઇ, કુશલ ભાવેશભાઇ, ટ્રસ્ટી કિરીટભાઇ, વિવેક ચેતનભાઇ, માલવીકા મનસુખભાઇ અને હર્ષીત રમણીકભાઇનો સમાવેશ થાય છે.

આયોજન સફળ બનાવવા ટ્રસ્ટીઓ ઉપરાંત કારોબારી સમિતિના પ્રમુખ રમેશભાઇ ભીખુભાઇ સોનીગરા, ઉપપ્રમુખ રમેશભાઇ મનજીભાઇ, રતિભાઇ બાબુભાઇ, મંત્રી કિશોરભાઇ કાંતિભાઇ, ખજાનચી મનુભાઇ ધનજીભાઇ, સહમંત્રી મહેશભાઇ નાથાભાઇ, મક્ષુરભાઇ જયંતીભાઇ, સભ્યો જયસુખભાઇ પ્રાગજીભાઇ, દેવેન્દ્ર અમુભાઇ, કિશોરભાઇ વૃજલાલ, રાકેશભાઇ રસીકભાઇ, કો. સભ્ય વિનુભાઇ વિઠ્ઠલભાઇનો સમાવેશ થાય છે.

કાર્યક્રમ બાદ ઉપસ્થિત ૫૦૦ જેટલા ભાઇ-બહેનોએ ભોજન પ્રસાદ લીધો હતો. **(અહેવાલ : તુલસીભાઇ સોનીગરા)**

# કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહમાં શિક્ષણ સંવર્ધન કેન્દ્ર માટે અમૃતલાલ ભારદિયા દ્વારા 30 લાખનો ચેક અર્પણ





કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ જામનગર ખાતે રક્ષાબંધન પર્વ ભવ્ય, ગૌરવપૂર્વક યોજાયું હતું. રક્ષાબંધન પર્વ નિમિત્તે સંસ્થા બંધુ તરીકે અમૃતલાલ ભારદિયાના સાનિધ્યમાં ઉજવવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમૃતલાલ ભારદિયાએ સંસ્થાને રૂા. ત્રીસ લાખનો ચેક અર્પણ કરી દાનનો મહિમા વધાર્યો તો. આ પ્રસંગે રંજનબેન ભારદિયા, કુંજનબેન ભારદિયા પણ ઉપસ્થિત હતા. કેન્દ્ર લગભગ રૂા. સવા કરોડના ખર્ચે નિર્માણ પામી રહયું છે. આ માતબર યોગદાનથી સમાજની અનેક દીકરીઓને શિક્ષણ મેળવવામાં સહાયતા થશે. આ પાવન પ્રસંગે સંસ્થાના હોદ્દેદારોએ સંસ્થાબંધુ અમૃતલાલ ભારદિયાનું સંસ્થા પ્રમુખ કરશનભાઇ ડાંગર, ટ્રસ્ટીઓ હસમુખભાઇ હિન્ડોચા, માનદ મંત્રી હીરાબેન તન્ના, સુચેતાબેન ભાડલાવાળાએ શાલ અને સ્મૃતિચિહ્નથી સન્માન કર્યું હતું. આ ઉપરાંત વોર્ડ નં. ૩ના કોર્પોરેટર સુભાષભાઇ જોશીએ અમૃતલાલ ભારદિયાનું રજવાડી સાફા સાથે સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી મંડળના સભ્યો, કારોબારીના સભ્યો, વિભાગીય વડાઓ, તમામ કર્મચારીઓ, લાભાર્થીઓ, જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા અને ટ્રસ્ટી દિલીપ ભારદીયા પણ ઉપસ્થિત રહયા હતા.

# ભાવનગરમાં યોજાયો વિદ્યાર્થી અને દાતા સન્માનનો અનેરો કાર્યક્રમ







શ્રી ભાવનગર સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ આયોજિત તારીખ૦૩/૦૯/૨૦૨૩ને રવિવાર ના શુભ દિવસે ચાર કલાકે શ્રી વિશ્વકર્મા પ્રભુજીના મંદિર, સ્ટેશન રોડ સુતારવાડ ખાતે દાદા ની સન્મુખ વિદ્યાર્થી ઈનામ વિતરણ તેમજ દાતાઓ,, મહિમાનો નો સન્માન સમારોહ ભાવનગરનાં પ્રમુખ શ્રી અતુલભાઇ જાદવાણી દ્વારા ભાવનગર જિલ્લા તેમજ શહેર તેમજ તાલુકા ગ્રામ્યના સર્વે જ્ઞાતિજનોમાટેભવ્ય આયોજન કરવામાં આવેલ. સૌ પ્રથમ મહિમાનોનાં હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી,, ધોરણ એક થી બાર નાં તેજસ્વી વિદ્યાર્થીઓને મહેમાનશ્રી તેમજ પ્રમુખશ્રી અતુલભાઇ અને તેમની ટીમનાં હસ્તે મોમેન્ટો તેમજ ઈનામ વિતરણ કરાયું. સ્વાગત પ્રવચન પ્રવીણભાઈ બોરસાનિયા એ કર્યું હતું,, શિક્ષણ વિશે સિહોર નાં યુવા મેમ્બર ભાવેશભાઈ એ વક્તવ્ય બે મિનિટ આપ્યુ હતું,, તેમજ વિજયભાઈ,, કનોજીયા,,, દાતા શ્રી અને સમાજ પ્રત્યે અતિ ઉત્સાહી કર્તવ્યનિષ્ઠ, આર્કિટેક્ટ એન્જિનિયર શ્રી નરેન્દ્રભાઇ ગજ્જરે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું,,,, સિહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળનાં મહામંત્રી,, ટ્રસ્ટી શ્રી અપંગ પરીવાર કલ્યાણ કેન્દ્ર ભાવનગર દિવ્યાંગ સેવાકીય કાર્યકર સિહોર નાં મનસુખભાઇ કનેજીયા એ પોતાના વક્તવ્ય માં સમાજસેવા એટલે શું તેનુ વિસ્તાર થી વર્ણન કર્યું હતું તેમજ તેજસ્વી વિદ્યાર્થીને અભીનંદન પાઠવી જણાવ્યું હતું કે સપના હંમેશા ઉચા અને મોટાં જુઓ પોતે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને મળવાનું સપનું સેવ્યું તે મનસુખભાઇ ખુદ મોદી સાહેબની ચેમ્બરમાં રૂબરૂ મળી વાતચીત કરીએ વિદ્યાર્થીને જણાવ્યું હતું. તેમજ મનસુખભાઇનુ બીજુ સ્વપ્ન જાણીતા ઉધોગપતિ સમાજના ભામાશા અમુભાઈને મળવું એવી મનોમન નિર્ણય કરેલ. અમુભાઈને ક્યારેય જોયેલા પણ નહિ એવું સપનું સિદ્ધ થઇ અમુભાઈની ઓફિસમાં રૂબરૂ મળી સૌજન્ય મુલાકાત કરી અનહદ આનંદ પ્રાપ્ત કરેલ સાથે અમુભાઈ એ શિહોર વિશ્વકર્મા વાટિકા બનાવવાં રવિકુમાર ભારદિયા હોલ બનાવવાં પેટે રૂપિયા પંદર લાખનું અનુદાન આપેલ. એ તકે અમુભાઈનો હૃદયપૂર્વક દિલથી ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું. student life is golden life, વિદ્યાર્થી જીવન સોનેરી જીવન છે, એટલે દરેક વિદ્યાર્થીમાં કઈકને કઈક આવડત હોય છે, એ હતે નિરાશ થયા વગર આગળ વધવા પ્રેરણા આપી હતી. આપણા સમાજના દિવ્યાંગને કોઈપણ સરકારી સહાય કે અન્ય મદદ માટે હું સદાય સેવા કરવાં તત્પર રહીશ. એ સાથે વક્તવ્ય પૂર્ણ કરેલ. આ તકે સિહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ ના મહામંત્રી મનસુખભાઇ કનેજીયા એ સમગ્ર કાર્યક્રમમાં હાજર રહી વિશ્વકર્મા પ્રભુજીની મહાઆરતીનો લાભ લઇ અહોભાગી બન્યા હતા.















કાર્યક્રમનું સંપુર્ણ સંચાલન તેની સુમધુર વાણીમાં બાબુભાઈ જાદવાણીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઘનશ્યામભાઈ દેત્રોજા, હરેશભાઈ તલસાણીયા, અનિલભાઈ કનોજીયા, હર્ષદભાઈ અઘેડા, રાજુભાઈ જાદવાણી, તેમજ તમામ કમિટી મેમ્બરો એ ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં આભારવિધી પ્રવીણભાઈ બોરસાણિયા એ કરી હતી. સર્વો મહેમાનો અને સમાજના જ્ઞાતિજનો અલ્પાહાર લઇને પોતપોતાનાં ઘરે જવા પ્રયાણ કરેલ, મનસુખભાઇ કનોજીયા એ પ્રમુખશ્રી અતુલભાઈ તેમજ પ્રવિણભાઇ બોરસાણિયા તેમજ મારા સમાજના આગેવાનો તેમજ સમાજના દરેક નામી અનામી મહાનુભાવોનો હું દિલથી આભારી રહીશ, કે મને સમાજના કાર્ય માટે સહભાગી બનાવ્યો, અને હું સમાજ માટે કોઈપણ સંજોગોમા હાજર રહી મારાથી બનતી દરેક કોશીશ કરીશ, મને સમાજના કાર્યમાં જો સફળતા મળી એ સમાજ દ્વારા જ મળી છે, માટે સમાજના દરેક માણસ ને હુ હ્દયથી આભાર માનુ છુ, સમાજના કાર્ય માટે સફળતા મળી હોય તો મારા સમાજથી જ મળી છે. આ સારા કાર્યમાં તન મન ધન થી સર્વે જ્ઞાતિજનોએ સાથ સહકાર આપેલ તેઓ તમામ જ્ઞાતિજનો નો હ્દયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સૌનો સાથ, સૌનો વિકાસ, સૂત્ર મુજબ સર્વે જ્ઞાતિજનો સમાજના કાર્યમાં હરઘડી સાથ સહકાર મળતો રહે તેવી વિશ્વકર્મા પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

**(અહેવાલ : મનસુખભાઈ કનોજીયા)**

# શિહોરમાં વિશ્વકર્મા વાટીકાનું ખાતમુહૂર્ત : રવિકુમાર ભારદીયા ભવન પણ બનશે





તા. ૦૬/૦૯/૨૦૨૩ને બુધવાર શીતળા સાતમનાં સવારના શુભ ચોઘડિયે જાણીતા ઉધોગપતિ રવિટેકનો ફોર્જનાં માલિક અને દાતા અમુભાઈ ભારદીયાનાં અનુદાનથી શિહોર, તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ વાડીના વિશ્વકર્મા વાટિકા, રવિકુમાર ભારદીયા ભવનનુ ભૂમિપૂજન, ખાત મુર્હૂત ગોર મહારાજના શ્લોક, સ્તુતી, આરતી, વિધીવિધાન સાથે પ્રમુખ હર્ષદભાઈ અને તેમના ધર્મપત્ની, ઉપપ્રમૂખ જગદીશભાઈ અને તેમના ધર્મપત્ની, અને વડિલ ખજાનચી બાબુભાઈ અને તેમના ધર્મપત્નિએ પૂજામાં બેસી આ સુનહરા અવસરનો લાભ પ્રાપ્ત કર્યો, સાથે કમિટીનાં દરેક સિનિયર યુવા મેમ્બરો જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં ભૂમિ પૂજન કરવામાં આવ્યું. મહામંત્રી મનસુખભાઇ કનેજીયાએ વિશ્વકર્મા દાદાની જય ઘોષ બોલાવી શ્રીફળ વધેરી ભૂમિ પૂજનની વિધી પુરી કરી, સૌ જ્ઞાતિજનો કમિટી મેમ્બરોએ, ચેવડો પેંડા, ગોળ ધાણાથી મોં મીઠું કરી આ શુભ અવસરનો આનંદ વ્યક્ત કરી વિશ્વકર્મા દાદાને પ્રાર્થનાં કરી, કે વિશ્વકર્મા વાટિકાનાં રવિકુમાર ભારદીયા ભવનનું કામ વહેલી તકે, નિર્વિઘ્ને સુખ રૂપ પૂર્ણ થાય. અસ્તુ,

**અહેવાલ : મનસુખભાઇ કનોજીયા**

## શ્રી અમૃત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# લુહાર સમાજનું સંમેલન અને પસંદગી મેળાનું સફળ આયોજન





- પ્રવીણ ગજ્જર

રાજકોટમાં આવેલ શ્રી અમૃત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમસ્ત લુહારનું દ્વિતીય સ્નેહમિલન અને દીકરા-દીકરીના સગપણ માટે પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમૃત ચેરીટેબલ ટ્રસ્ટના અમૃતભાઇ અને તેની ટીમ દ્વારા આયોજીત આ સ્નેહમિલન અને પસંદગી મેળાનું આયોજન રણછોડનગર ખાતે આવેલ લુહાર સમાજની વાડી ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ મહાનુભાવોના દીપ પ્રાગટયથી કરવામાં આવ્યા બાદ રાજકોટ શહેર અને બહારગામથી આમંત્રિત મહેમાનોને બિરાજમાન કરાવવામાં આવ્યા હતા અને સ્વાગત સન્માનક કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના પ્રાસંગિક ઉદબોધન બાદ યુવક અને યુવતીઓને વારાફરતી બોલાવવામાં આવ્યા હતા. આ યુવાન અને યુવતીઓએ પોતાનો પરિચય આપ્યો હતો.

કાર્યક્રમમાં ૧૮૦ જેટલા બાયોડેટાના ફોર્મ ભરાયા હતા તથા આશરે ૯૦૦ થી ૧૦૦૦ જેટલા બહોળી સંખ્યામાં ભાઇઓ તથા બહેનો ઉપસ્થિત રહયા હતા તથા સ્ટેજ કાર્યક્રમનું સંચાલન શ્રી યોગેશભાઇ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટના પૂર્વ ડેપ્યુટી મેયર શ્રીમતી કંચનબેન સિદ્ધપુરા રાજકોટ લુહાર હિતેચ્છુ મંડળના પ્રમુખ શ્રી રાજેશભાઇ સિદ્ધપુરા જ્ઞાતિ આગેવાન શ્રી નિરંજનભાઇ પરમાર, શ્રી કિર્તીબેન કવૈયાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ કાર્યક્રમમાં સાઉન્ડ સિસ્ટમની નિઃશુલ્ક સુવિધા પ્રવીણભાઇ કવૈયા દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે બહારગામથી આવેલા સમાજના આગેવાનો દ્વારા શ્રી અમૃતભાઇ વાઘેલાને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અમૃતભાઇ વાઘેલાએ રણછોડનગરની લુહાર વાડી નિઃશુલ્ક સુવિધા આપવા બદલ આ સંસ્થાના પ્રમુખ શ્રી પ્રવીણભાઇ આસોડીયા તથા ટ્રસ્ટી બોર્ડનો આભાર વ્યકત કર્યો હતો. તથા આ પ્રસંગે ઉપસ્થિત આ કાર્યક્રમને સમાજ સુધી પહોંચાડતા મીડિયા ક્ષેત્રના પત્રકારોનો પણ આભાર વ્યકત કર્યો હતો તથા ઉપસ્થિત તમામ જ્ઞાતિ મહાનુભાવોનો મળેલ ભરપુર સહકાર બદલ તેઓનો પણ આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમ આ વાડીના ગ્રાઉન્ડ બ્લોક પર યોજાયો હતો તથા આ વાડીના પહેલામાળે તમામ મહેમાનો માટે મહાપ્રસાદ અલ્પહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત તમામ મહેમાનોએ મહાપ્રસાદ અલ્પાહાર ગ્રહણ કર્યો હતો. આ કાર્યક્રમ રાત્રે ૯.૦૦ કલાકે સમાપન થયો હતો. કાર્યક્રમના સમાપન બાદ શ્રી અમૃતભાઇ વાઘેલાએ પત્રકારોને જણાવ્યું હતું કે હવે પછીનું અમારું ત્રીજું આયોજન મેગા આયોજન થશે અને હવે અમે તેની તૈયારી કરી રહયા છીએ. આ કાર્યક્રમની અંદર મહેમાનોની ઉપસ્થિતિમાં રાજકોટના પુર્વ ડેપ્યુટી મેયર શ્રીમતી કંચનબેન સિદ્ધપુરા ચંડી ચામુંડા તિથિ ગ્રહના પ્રમુખશ્રી જયંતીભાઇ પરમાર ઉદ્યોગપતિ અશોકભાઇ રાઠોડ રાજકોટ લુહાર હિતેચ્છુ મંડળના પ્રમુખ રાજેશભાઇ સિદ્ધપુરા, ઉપપ્રમુખ જગદીશભાઇ મકવાણા, ખજાનચી કમલેશભાઇ સિદ્ધપુરા, મહાજન રણછોડનગર લુહાર વાડીના પ્રમુખ પ્રવીણભાઇ આસોડીયા, ઉપપ્રમુખ ભરતભાઇ પિત્રોડા તથા ટ્રસ્ટીઓ લાલભાઇ પરમાર, ભુપતભાઇ પરમાર, ભુપતભાઇ હંસોરા તથા ચંદુભાઇ પિત્રોડા પરમાર પરિવારના અગ્રણીઓ દિનકરભાઇ પરમાર, ભોલાભાઇ પરમાર, હસુભાઇ પરમાર તથા સુરેશભાઇ પરમાર સમાજ સેવક ભાવેશભાઇ પિત્રોડા, કિર્તીબેન કવૈયા, મનસુખભાઇ સોલંકી શાપર આટકોટથી ચંદુભાઇ વાઘેલા ગોંડલથી રાજેશભાઇ પિત્રોડા, નલીનભાઇ પિત્રોડા, ભીખુભાઇ પિત્રોડા ભુજથી વર્ષાબેન ઉમરાણીયા, સુરતથી રક્ષાબેન રાઠોડ, મોરબીથી નરસિંહભાઇ પિત્રોડા, મનસુખભાઇ રાઠોડ તથા શિક્ષણ સમિતિના સભ્યો લોકસામના ન્યુઝના સોનલબેન વાળા, પત્રકાર પ્રવીણભાઇ ગજ્જર વગેરે ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં અમૃત ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકરોએ તન-મન-ધનથી સેવા આપી હતી તથા આ કાર્યક્રમ યોજવા બદલ આયોજકોની સમાજ દ્વારા ભરપુર પ્રશંસા થઇ હતી.







# રાજકોટમાં જીવનસાથી પસંદગી મેળાનું ટુંક સમયમાં આયોજન

## ભાગ લેવા ઈચ્છતા યુવાનો/પ્રવૃત્તિઓએ ફોર્મ ભરી મોકલવુ



રાજકોટમાં જીવનસાથી પસંદગી મેળાનું ટુંક સમયમાં આયોજન થવા જઇ રહ્યુ છે. ભાગ લેવા ઇચ્છતા યુવક/યુવતી પ્રવૃત્તિઓએ ફોર્મ ભરી મોકલવુ.

રાજકોટથી ચાલતા ગુર્જર સુથાર વેવિશાળ ગ્રુપ દ્વારા ગુર્જર સુથાર યુવક/યુવતીઓ માટે આગામી દિવસોમાં પસંદગી મેળાનું આયોજન થવા જઇ રહ્યું છે. આ પસંદગી મેળા માટેના ફોર્મ ભરવાનું શરૂ થઇ ગયું છે. અને સારા એવા ફોર્મ ભરપાઈ થયા છે. અને હજુ ફોર્મ ભરવાના ચાલુ છે.

આયોજકો દ્વારા યુવક માટેના ત્રણ ગ્રુપ ચાલી રહયા છે અને યુવતીઓ માટેના અલગ બે ગ્રુપ ચાલે છે. પાંચેય ગ્રુપ મળીને ૩૫૦૦ જેટલા મેમ્બરોની સંખ્યા વોટસએપ ગ્રુપમાં નોંધાયા છે. ગુ.સ. યુવાનો માટેના વેવિશાળના ત્રણ ગ્રુપની સ્થાપના રાજકોટના શ્રી નિલેશભાઇ વાઘસણા એ કરી તેમાં યુવાનોના ૩ વોટસએપ ગ્રુપ છે, તે શ્રી અમરશીભાઈ બકરાણિયા એ (૯૪૨ ૯૪૨ ૩૫૩૫ અને ૯૪૨૬૪ ૦૩૫૩૫), અને શ્રી પ્રફુલભાઇ બકરાણિયા (મો. ૯૮૨૫૮ ૪૦૨૯૦) અને રાજકોટના શ્રી નિલેશભાઇ વાઘસણા આ ગ્રુપ ચલાવી રહ્યા છે.

યુવતીઓના ગ્રુપની સ્થાપના રાજકોટના શ્રી અમરશીભાઈ બકરાણિયાએ કરી છે. જે શ્રીમતિ અનીતાબેન વડગામા અમદાવાદ વાળા ચલાવે છે. આગામી દિવસોમાં યોજાનાર જીવનસાથી પસંદગી મેળામાં જોડાવા ઇચ્છતા યુવક-યુવતીઓએ સંચાલકોના નંબર પરથી મેળવી ફોર્મ ભરપાઇ કરીને, ફોટા સાથે ઉપરોકત ત્રણમાંથી કોઈપણ એક સંચાલકના આપેલ વોટ્સએપ નંબર પર મોકલી આપશો. તેમજ પસંદગી મેળાની તારીખ અને સ્થળ નકકી થયા બાદ તેની વોટસએપ દ્વારા જાણ કરાશે.

# રાજકોટમાં શ્રી અરવિંદ ગજજરની અદ્યતન ઓફીસનું ઉદઘાટન







જાણીતા એડવોકેટ અરવિંદભાઇ ગજજર અને હીરેન ગજજરની પંચનાથમાં આવેલ ઓફીસનું કાલાવડ રોડ પર આવેલ અનંત ધ વર્ક સ્પેશ નામના અદ્યતન બિલ્ડીંગમાં (ઓફીસ નં. ૫૦૨) વિશાળ અને અદ્યતન ઓફીસમાં તા. ૧૯-૯ના રોજ સ્થળાંતર કરવામાં આવ્યું છે.

તા. ૧૯ના રોજ ઉદઘાટન કાર્યક્રમમાં ભાજપના અગ્રણી જગતના નાગદાનભાઇ ચાવડા, શિક્ષણ જગતના માધાંતા શ્રી ડી.વી. મહેતા, ગાર્ડી કોલેજના ડાયરેકટરો કિરણભાઇ શાહ, કમલેશભાઇ મહેતા, અનંત બિલ્ડર્સ ભરતભાઇ સોનવાણે, શ્રી જગદીશભાઇ સોનવલે, નેવીલભાઇ સુબા, સ્વરા બીલ્ડકોનવાળા પીનાકભાઇ કોટક, દર્શક કોઠારી તેમજ એડવોકેટ દિલીપભાઇ પટેલ, અર્જુનભાઇ પટેલ, પૂ. પ્રમુખ બાર કાઉન્સીલ રેવન્યુ બારના નલીનભાઇ પટેલ, કિશોરભાઇ સખીયા, મહર્ષીભાઇ પંડયા, ગુર્જર સુથાર પ્રગતિ મંડળના હોદ્દેદારો, રેવન્યુ બારના નલીનભાઇ પટેલ, કિશોરભાઇ સખીયા, મહર્ષીભાઇ પંડયા, ગુર્જર સુતાર પ્રગતિ મંડળના હોદ્દેદારો, ઉપરાંત સુતાર જ્ઞાતિના ટ્રસ્ટી વિનયભાઇ તલસાણિયા, સંકટ નિવારણના ઉપપ્રમુખ પ્રદીપભાઇ વાલંભીયા, પૂર્વ કોર્પોરેટર જે.ડી. ડાંગર, ઉપરાંત સમાજના આગેવાનો, સગાસંબંધીઓ વિશાળ સંખ્યામાં હાજર રહયા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# કનોજીયા પરિવાર નેસડા દ્વારા ઉંડવી ખાતે યોજાયો ધાર્મિક કાર્યક્રમ





તા. ૧૪/૦૯/૨૦૨૩ ના ગુરુવાર ભાદરવી અમાસના દિવસે સમસ્ત કનોજીયા પરિવાર નેસડા દ્વારા આયોજિત સિહોર તાલુકાના ઉંડવી મુકામે કનોજીયા પરિવારના સુરધન દાદાના સાનિધ્યમાં સવારે સુરાપુરા દાદાની પૂજા અર્ચના સમસ્ત કનોજીયા પરિવાર દ્વારા ગોરબાપાની હાજરીમાં મંત્ર શ્લોક સાથે ભરતભાઈ અને તેમના ધર્મપત્ની દ્વારા પૂજા વિધિ કરવામાં કરવામાં આવી તેમજ ગોરબાપા,, કમલેશભાઈ દ્વારા વિશ્વકર્મા દાદાની કથાનું રસપાન કરવામાં આવેલ. જે છેલ્લા સોળ વર્ષથી સતત આયોજન કરવામાં આવે છે. બપોરે સમસ્ત કનોજીયા પરિવાર તેમજ આમંત્રિત મહેમાનો એ સાથે મળી પ્રસાદી લીધેલી. મહાપ્રસાદમાં વિશ્વકર્મા પ્રભુને વ્હાલા એવા પ્યોર ઘીના ચૂરમાના લાડુ, ઊંધિયું પુરી,, ખમણ પાત્રા, સંભારો,, દાળભાત સાથે મહા પ્રસાદી લીધેલ હતા. પ્રથમ વિશ્વકર્મા દાદાને તેમજ સુરાપુરા દાદા ને થાળ ધરી,પછી સર્વોએ,મહાપ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે આ વખતના મહાપ્રસાદના દાતાશ્રી ઘનશ્યામભાઈ તેમજ તેમના સુપુત્ર શ્રી ભાવેશભાઈ, તેમજ મિલનભાઈ કનોજીયા તરફથી મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ. ભોજન પ્રસાદ લઈને સૌ કનોજીયા પરિવારના તેમજ આમંત્રિત મહેમાનો એકબીજા ના ખબર અંતર પૂછી હરખ થી પોતપોતાના ઘર તરફ પ્રયાણ કરેલ. આ પ્રસંગે સિહોર, ભાવનગર, અમદાવાદ અને સુરત અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી કનોજીયા પરિવારના કુટુંબીજનો હાજર રહેલ હતા. સિહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળના મહામંત્રી શ્રી મનસુખભાઇ કનોજીયા ખાસ ઉપસ્થિત રહી કનોજીયા પરિવાર નેસડા વાળાને ખાસ આવા સારા કાર્યના આયોજન બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા,, અને હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી ધન્યતા અનુભવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પંકજભાઈ, ઈલેશભાઈ, જનકભાઈ, ઘનશ્યામભાઈ, મોહનભાઇ, ભરતભાઇ, કલ્પેશભાઈ, જીતેન્દ્રભાઈ, ધવલભાઈ, આશિષભાઈ, કૌશલભાઈ, ભાવેશભાઈ સંદીપભાઈ, અભિષેકભાઈ તેમજ સમસ્ત કનોજીયા પરિવાર નેસડાવાળાનો નો તન મન ધન થી સંપૂર્ણ સાથ સહકાર મળેલ.

**અહેવાલ : મનસુખભાઇ કનોજીયા**

# વિશ્વકર્મા સમાજનો પ્રતિષ્ઠિત એવોર્ડ વિશ્વકર્મા રત્ન એવોર્ડ ૨૦૨૩ નોમીનેશન શરૂ

વિશ્વકર્મા સમાજની અનેક પ્રતિભાઓએ જીલ્લા, રાજય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવી સમાજનું ગૌરવ વધાર્યું છે. આવી વિશ્વકર્મા સમાજમાં રહેલી પ્રતિભાઓને ઉજાગર કરવાના ઉદેશ સાથે ત્રીજા વર્ષની ભવ્ય સફળતા બાદ સતત ચોથા વર્ષે વિશ્વકર્મા સમાજનો સૌથી પ્રતિષ્ઠીત એવોર્ડ વિશ્વકર્મા રત્ન એવોર્ડ ૨૦૨૩નું આયોજન પંચાલ યુવા સંગઠન, ગુજરાત પ્રદેશ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં નોમીનેશન ફોર્મ ભરવાની પ્રક્રીયા તા. ૨૬/૦૮/૨૦૨૩થી શરૂ કરી દેવામાં આવી છે. વિશ્વકર્મા રત્ન એવોર્ડના નોમીનેશન




ફોર્મ પંચાલ, લુહાર, સુથાર, ગજ્જર, અને તમામ વિશ્વકર્મા વંશજ આ ફોર્મ ભરી શકશે. જેમાં જે કોઈ પણ વિશ્વકર્મા વંશજે સંગીત ક્ષેત્રે, ફિલ્મજગત ક્ષેત્રે, ડાન્સ ક્ષેત્રે, રમત ગમત ક્ષેત્રે, શૈક્ષણીક ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, વ્યવસાયીક ક્ષેત્રે કે કોઈ પણ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરી સમાજનું ગૌરવ વધાર્યું તે તમામ વિશ્વકર્મા વંસજો આ નોમીનેશન ભરી શકશે. નોમીનેશન ફોર્મ ભરવા માટે મો નં. ૯૮૯૮૯ ૯૧૧૧૦, ૯૫૧૦૧૨૪૫૪૫ સંપર્ક સાધી જરૂરી માહિતી સાથે ફોર્મ ભરીને સંસ્થાને મોકલવાનું રહેશે.

# રાજકોટની કન્યા છાત્રાલયની બહેનોએ ઉજવ્યો ગણેશોત્સવ







રાજકોટના ગોંડલ રોડ પર આવેલ ગુર્જર સુતાર કન્યા છાત્રાલયમાં રહેતી બહેનોએ પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ ગણેશ ઉત્સવની ઉજવણી કરી હતી.

ગણેશચતુર્થીના દિવસે પ્રાર્થના હોલમાં ભાવ અને ભકિતભર્યા વાતાવરણમાં ગણેશજીની ઇકોફ્રેન્ડલી મુર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. કન્યા છાત્રાલયની બહેનોએ સાત-દિવસ સવાર અને સાંજના આરતી કરી હતી અને સાતમાં દિવસે પાણીના ટબમાં વાજતે ગાજતે વિસર્જન કર્યું હતું. ત્યારે બહેનોની આંખમાંથી ગણેશ વિદાયના આંસુ સરી પડયા હતા.

ગણેશ ઉત્સવની વિશિષ્ટતાએ હતી કે કન્યા છાત્રાલયમાં રહેતી ૫૦ બહેનોએ જ સંપુર્ણ ખર્ચ ભાગે પડતો વહેંચી લીધો હતો. દરરોજના પ્રસાદની વ્યવસ્થા પણ બહેનોએ જ કરી હતી.

કન્યા છાત્રાલયના ગૃહમાતા નીરૂબેન ગજજર, રૂષાબેન છત્રાલીયા તેમજ સ્ટાફના ઉષાબેન ગોંડલીયા, રેખાબેન, પુષ્પાબેન ગોંડલીયા, લતાબેન મણીયાર વગેરે પણ આ ગણેશોત્સવની ઉજવણીમાં સામેલ થયા હતા.

## જામનગરના કૃશાનું વડગામાએ ૧૦૦ ટકા લઇ એન્જિ. ડિગ્રી મેળવી



જામનગર જીલ્લાની નાવેડી કન્યા તાલુકા શાળામાં ફરજ બજાવતા શિક્ષક દંપતી ઇજુભાઇ અને જયોત્સનાબેન વડગામાના પુત્ર કૃશાનુએ ડીગ્રી એન્જિનીયરની ફાઇનલ પરીક્ષા ૧૦૦ ટકા સાથે પાસ કરીને સમાજનું ગૌરવ વધાર્યુ છે. તેમણે ડીપ્લોમામાં પણ ૧૦૦ ટકા માર્કસ મેળવ્યા હતા. ડીગ્રી બાદ હવે કૃશાનુ માસ્ટર ડિગ્રી મેળવવાની ઇચ્છા ધરાવે છે.

કૃશાનુએ લાલપુરમાં પ્રાથમિક શિક્ષક અને ૧૦ સુધી કેન્દ્રીય વિદ્યાલય (આર્મી)માં સીબીએસઇમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરીને ૮૭.૫૦ ટકા મેળવ્યા બાદ આઇ.ટી. એન્જિ.માં ડીપ્લોમા ૨૦૨૦મા ૧૦૦ ટકા માર્કસ સાથે અને ત્યારબાદ બી.સી. ડિગ્રીમાં પણ ૧૦૦ ટકા માર્કસ હેકેથોનમાં કૃશાનુની ટીમ ફલડ મોનીટરીંગ અને એલટીંગ વર્કિંગ મોડલ બનાવીને રૂા. ૫૦,૦૦૦નું પ્રથમ ઇનામ તે સમયના શિક્ષણમંત્રી વાઘાણીના હસ્તે મેળવ્યું હતું.

કૃશાનુના દાદા નરોતમભાઇ અને દાદી હીરાબેન પણ શિક્ષક હતા. કૃશાનુને સંગીતનો તબલા, કી-બોર્ડ વગાડવામાં રસ ધરાવે છે. તેની યુ-ટયુબ ચેનલ પણ ભવિષ્યમાં પોતાની આવડત સમાજને ઉપયોગી થાય તે માટે તત્પર છે.

ઇજુભાઇ વડગામા મુળ ડબાસંગ ગામના છે જે જામનગર જિલ્લામાં લાલપુર તાલુકામાં આવેલ છે.

## પારસ વડગામાને કરાટેમાં ગોલ્ડ મેડલ



રાજકોટની ક્રિષ્ના ડે સ્કુલમાં ૫માં ધોરણમાં અભ્યાસ કરતા ભરતભાઇ વડગામાના પુત્ર પારસે કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. મુંબઇમાં અંધેરી વેસ્ટમાં આવેલ અંધેરી કોમ્પલેક્ષમાં ઇન્ટરનેશનલ શોટોકન કરાટે ડીઓ ઓરંગે ક્ષાઇઝત (આઇએસકેજી) દ્વારા ૧૭ સપ્ટેમ્બરે ઓલ ઇન્ડિયા ઓપન કરાટે ચેમ્પિયનશીપ નામની સ્પર્ધામાં ૯ વર્ષની વયના ગ્રુપમાં પારસને આ ગોલ્ડ મેડલ મળ્યો છે. રાજકોટમાં મહર્ષી કરાટે એકેડેમી દ્વારા પારસે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અને બ્લુ બેલ્ટમાં Katastyle kata ઇન્ડિવીઝયુઅલ વિભાગમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. રાજકોટમાંથી ૨૩ સ્પર્ધકો અને ભારતમાંથી ૫૦૦ જેટલા સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. પારસે ગોલ્ડ મેડલ મેળવી સુથાર સમાજનું ગૌરવ વધાર્યું છે.

# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથફોરમ નવાવાડજ અમદાવાદ દ્વારા યોજાયું અનોખુ પ્રદર્શન







એક ઉમદા વિચાર અને તેના અમલના નિર્ધારથી ભવ્ય અને દિવ્ય, પ્રદર્શનનું નિર્માણ થયું. શ્રી વિશ્વકર્મા વંશજના આરાધ્ય દેવ શ્રી વિશ્વકર્મા દાદાના અવતારની લીલાની અદભુત, પ્રસ્તુતી કરતુ આ વૃતાંતે સૌના દિલ જીતી લીધા હતા. આપણા દાદા વિષે જ્ઞાત થવાની આપણી ઉત્સુકતા હોય જ અને આ ક્ષુધા છીપાવવા આ પ્રદર્શન અતિ પરિણામલક્ષી રહયુ.

એક કલાકના ભ્રમણમાં શ્રી વિશ્વકર્મા પુરાણનું સામાન્ય અવબોધન મળી રહે તેવા, પ્રામાણિક પ્રયત્નો આ પ્રદર્શનમાં કરવામાં આવેલ. તા. ૧૬-૧૭-૧૮ સપ્ટેમ્બરના આ પ્રદર્શનને સાકારિત કરવા માટે સમિતિ સદસ્યો તથા ૨૫ યુવાપાંખે અથાગ પરિશ્રમ કરેલ જેની આ સંસ્થા સહદિલ સરાહના કરે છે. મહિલા શકિત પણ આ કાર્યક્રમનો મહત્વનો અંશ હતી.

દાદાના વિવિધ હેતુસર ૧૦ અવતારની લીલા અને ૫ પુત્રોની માહિતી પીરસતા આ પ્રદર્શન્ને નિહાળવા લોક ઉમટયું હતું. દાદાની ઓજાર-ભેટની પ્રદર્શની અને હકા સુતારની કોડ (વર્કશોપ)નું સર્જન સૌના આકર્ષણનું કેન્દ્ર બનેલ. શ્રી વિષ્ણુ ભગવાનના ૧૦ અવતાર થકી સનાતન ધર્મની પણ ઝાંખી કરાવેલ. એમાંય ઇલોરગઢ પર્વત તથા ગુફામાં બિરાજમાન દાદાના દર્શન માટે લોક-ઉત્કંઠા જબરદસ્ત હતી. સારુંય પરિસર રોશની સભર હતું. દેદિપ્યમાન હતું.

તા. ૧૬મી સપ્ટેમ્રના સવારે ૧૦.૦૦ કલાકે આ પ્રદર્શન મુખ્ય મહેમાન સંત શ્રી સ્વામિની સરસ્વતીજી(દયાનંદ સરસ્વતીના અનુયાયી)ના હસ્તકમળથી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. શ્રી મહેશભાઇ ઠકકર, પ્રભારી નારણપુરા વિધાનસભા તથા મ્યુનિસિપલ કાઉન્સિલરો અને બીજેપી પદાધિકારીઓની ઉપસ્થિતિએ ઉત્સાહમાં ઉમેરણ કરેલ. સંતશ્રીના આશિષ વચન તથા દાદાની માહિતીથી સૌ ધન્ય ધન્ય થયા હતા. પરેશભાઇ છનિયારા, રમેશભાઇ તલસાણિયા, ધર્મેન્દ્રભાઇ દેવાળીયા તથા રસીકભાઇ ધ્રાંગધરિયા(પ્રમુખો) તથા સમાજના શ્રેષ્ઠીઓની હાજરીથી વાતાવરણ હર્ષિત બનેલ. ત્રણે દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમની રમઝટ હતી. તા. ૧૬ના રોજ રાત્રે સંતવાણી, તા. ૧૭ના રોજ દિનેશભાઇ ગજજર તથા તેમની ટીમ દ્વારા (ચારોલા-સુરેન્દ્રનગર) 'સર્જનહારનું સ્વરૂપ' શ્રી દાદાના અવતારની લીલા આધુનિકતાના ઉમેરણ સાથે રજુ કરતું સુંદર નાટક ભજવવામાં આવ્યું હતું. અંતિમ દિને લોક ડાયરો જેમાં નામાંકિત કલાકારો વિષ્ણુભાઇ પનારા, પીન્ટુભાઇ, જીતુભાઇ રાવલ, મોહિનીબેન વ્યાસ તથા તેમના વૃંદે સૌને મોજ કરાવી હતી. મુશળધાર વરસાદ હોવા છતાંય બહેનોએ ગરબે ઘૂમી આનંદ લુંટયો હતો. વિજયભાઇ પંચાલ કાઉન્સીલરે આ વૃતાંતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. વિનોદભાઇ સીનરોજા-બોપલ તથા દિનેશભાઇ ગજજરના સહકારની અમે સહદીલ નોંધ લઇ આભાર વ્યકત કરીએ છીએ. અન્ય પરોક્ષ રીતે સહયોગ આપનાર સૌને દાદાના આશીર્વાદ મળશે તે નિશ્ચિત છે. **(અહેવાલ : શાંતિભાઇ ખોડદીયા)**

# ગજજર સખીવૃંદ દ્વારા રામેશ્વર, કુર્ગનો પ્રવાસ યોજાયો





ગજજર સખી વૃંદ દ્વારા તા. ૧૪-૯ના રોજ રામેશ્વરમ, કુર્ગ, કોઇમ્બતુર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સખીવૃંદ દ્વારા અઢાર વર્ષથી મોટા પ્રવાસનું આયોજન સફળતાપૂર્વક કરે છે.

દુર્ગ એટલે સ્વર્ગ. ચારોતરફ હરીયાળી, ભારતનું સ્કોટલેટ. મૈસુર અને મેંગ્લોરની વચ્ચે કુર્ગ. ઝરણાઓનું સ્થળ એટલે કુર્ગ. કુર્ગ કર્ણાટકનું કાશ્મીર એટલે કુર્ગ. કુર્ગમાં રાજા સીટ પાર્ક, એબી ફોલ્સ, ઓમકારેશ્વર મંદિર, તલ કાવેરી-કાવેરીનું ઉદ્ગમસ્થાન, દુબારે એલીફન્ટ કેમ્પ, નિસર્ગધામ, હારંગી ડેમ, તિબેટીયન કોલોની વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી.

દુર્ગ જતાં જ થોડું વાતાવરણ બદલાતા થોડાક લોકોને તાવ, શરદી, ઉધરસ થઇ ગયા હતા. પરંતુ ત્યાંની સીવીલ હોસ્પિટલ તાત્કાલીક સારવાર મળી જતાં બધા સ્વસ્થ થઇ ગયા. ટુરના ચેતનભાઇ નથવાણીએ બધાને રાત્રે ત્રણ વાગ્યે પણ હોસ્પિટલ પહોચાડીને મદદરૂપ બન્યા હતા.

મૈસુર એટલે ટીપુ સુલતાનનું શહેર. મૈસુર એટલે અદભુત તેની કામગીરી બહુ સુંદર છે. ખુબ જ વિશાળ જગ્યામાં ફેલાયેલા આ મહેલ, અંબા વિલ મહેલ તરીકે ઓળખાય છે. રાત્રે આ મહેલ રોશનીથી ઝગમગાટ કરે છે. ચામુંડી હીલ આ સ્થળ, આપણા ચોટીલાની યાદ અપાવે. અહીં પગથિયાથી પણ ચડીને માતાના મંદિર પહોંચાય છે. અને છેક સુધી વાહન દ્વારા પણ જઇ શકાય છે.

ત્યારબાદ મુદુ મલાઇ ફોરેસ્ટ જંગલ સફારી બધાએ માણી માત્ર અમને હરણ અને સાબર જોવા મળ્યાં. બાકી અને વન્ય પ્રાણી જોવા ન મળ્યાં.

ધરતીનું સ્વર્ગ એટલે ઉંટી. ઉંટી આમતો નાઇટ હોલ્ટ જ હતો. પણ ઘણા બધાએ આ સ્થળ જોયું ન હતું. તેથી બપોર સુધી ત્યાં રોકાણ કર્યું. ખાસ કરીને માલ રોડ પર બધાએ ગરમ કપડા, ચોકલેટની ખરીદી કરી.

ત્યારપછી સ્થળ એટલે કોઇમ્તુર. સાંજે અહીં પહોંચ્યા બાદ સ્વવિહાર કરવાનું હોવાથી બહેનોએ ખાસ સાડીના શોપિંગ માટે 'પોથી' સ્ટોરમાંથી ઘણી બધી ખરીદી કરી. બીજા દિવસે આદી-યોગી આશ્રમ, ઇશા ફાઉન્ડેશન જોવા માટે સવારથી સાંજ સુધી આ આશ્રમ જોવા માટે ગયા. આ આશ્રમના પ્રણેતા જગી સદ્ગુરૂ વાસુદેવ છે. ભગવાન શંકર-આદિ યોગીનું વિશાળ ૧૧૨ ફૂટનું સ્ટેચ્યું છે. આ વિશાળ જગ્યા પર ચાલવું ન પડે તે માટે બુલેટ કારની વ્યવસ્થા છે. ખાણી-પીણીની પણ વ્યવસ્થા છે. આદિ અનંત પરમાત્માની આ ધરતી પર કેવી રીતે પામી શકાય તે માટે સદગુરૂ શ્રીએ યોગ દ્વારા સંગીત દ્વારા ધ્યાન દ્વારા બતાવ્યું છે. રાત્રે ૭.૨૦ કલાકે લાઇટ શો દ્વારા ભગવાન શંકરનું અદ્ભુત દર્શન થાય છે. સુર્યકુંડ, ચંદ્રકુંડ, નંદીનું સ્ટેચ્યુ, ધ્યાન લિંગા, ભવાનીની મૂર્તિ. આ બધું જ અદ્ભુત છે. ખરેખર આ આશ્રમની મુલાકાત લેવા જેવી છે.

રામેશ્વરમએ આ યાત્રાનો અંતિમ પડાવ હતો. વહેલી સવારે ૪ વાગ્યામાં ઉઠીને સ્ફટીક, મણીના દર્શન કર્યાં. ત્યારબાદ આઠ વાગ્યે ૨૨ કુંડનું સ્નાન કરીને ભગવાનના દર્શન કરીને ધન્યતાનો ભાવ બધાના ચહેરા પર દેખાતો હતો. સ્ફટીકના દર્શના, ૨૨ કુંડમાં સ્નાન વગેરે અનુકુળતા પ્રમાણે બધાએ કર્યું. સમુદ્ર દર્શન પણ કર્યા. રામકુંડ, લક્ષ્મણકુંડ, ધનુષકોટી, વિભીષણજીનું મંદિર, રામસેતુ, અબ્દુલકલામનું ઘર, અબ્દુલ કલામ મેમોરીયલ પમ્બન બ્રીજ વગેરે સ્થળોની મુલાકાત લીધી. જોવા માટે દિવસ ટુંકો પડયો હોય તેવું અનુભવ્યું.

આ પ્રવાસને સફળ બનાવવા માટે પ્રમુખ ડોલીબેન તલસાણિયા, ઉત્પલાબેન જાદવાણી, માલતીબેન મેસવાણિયા, રશ્મિબેન ખંભાયતા, આરતીબેન તલસાણિયા, વર્ષાબેન રાણપરીયા તથા દિવ્યાબેન ખંભાયતાએ મહેનત કરી હતી. ભાઇઓ પણ ખુબ સાથ સહકાર આપ્યો હતો. પ્રવાસ સુદખ અને આનંદપૂર્ણ રહયો.

**અહેવાલ : વર્ષાબેન રાણપરીયા.**

# ગજજર સર્વિસ ગ્રુપ, રાજકોટનો સફળતાપૂર્વક સંપન્ન થયો વિદ્યાર્થી સત્કાર સમારંભ



તા. ૦૧-૧૦-૨૦૨૩ને રવિવારે સાંજે વિશ્વકર્મા મંદિર, રાજકોટ ખાતે ગજજર સર્વિસ ગ્રુપ રાજકોટનો વિદ્યા સત્કાર સમારંભ ખુબ જ ગરિમાપૂર્ણ રીતે સંપન્ન થયો હતો. પ્રારંભે દીપપ્રાગટ્ય પછી સ્વાગત પ્રવચન મંત્રીશ્રી રશ્મિકાંતભાઇ ભાડેશીયાએ તથા પ્રાસંગિક પ્રવચન પ્રમુખ શ્રી કિશોરભાઇ બોરાણિયાએ કર્યું હતું.

વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમનો દોર ઉપપ્રમુખ નટવરભાઇ ભારદીયા તેમજ કારોબારી સભ્ય શ્રી નીતિનભાઇ બદ્રકિયાએ સંભાળ્યો હતો. મહેમાન તરીકે પધારેલા ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રીકયાનું પ્રતીક ભેટ આપી ગજજર સર્વિસ ગ્રુપના પ્રમુખશ્રી કિશોરભાઇ બોરાણીયાએ 'વિશ્વકર્મા વિશ્વ'ના તંત્રી શ્રી પ્રવીણભાઇ ગજજરનું સભ્યશ્રી કિશોરભાઇ તલસાણિયાએ એસ.વી. ન્યુઝના શ્રી ઉમેશભાઇ ગજજરનું શ્રી વિપુલભાઇ ખંભાયતાએ અભિવાદન કર્યુ હતું.

વિશિષ્ટ પ્રતિભામાં શ્રી પ્રશાંતભાઇ ગિરધરભાઇ ખારેચાને સન્માનપત્ર આપી શ્રી કિશોરભાઇ બોરાણીયાએ, વિધિ નટવરભાઇ ભારદીયાનું સન્માન મંત્રીશ્રી રશ્મિકાંતભાઇ ભાડેશીયાએ, ડો. પાર્થ તથા ડો. જય દિપકભાઇ વડગામાનું સન્માન સલાહકાર શ્રી ગુણેન્દ્રભાઇ ભાડેશીયાએ તથા સભ્યશ્રી ગિરીશભાઇ પંચાસરાએ કર્યું હતું.

પ્રારંભે શ્રી મીનાબેન પંચાસરાએ, શ્રી પ્રીતિબેન ભાડેશીયાએ તથા શ્રી ભકિતબેન પંચાસરાએ પ્રાર્થના ગીત રજુ કર્યું હતું. જાણીતા ગાયક શ્રી કમલેશભાઇ ભારદીયાએ પણ હૃદયસભર ગીત પ્રસ્તુત કર્યું હતું. વિદ્યાર્થીઓને ઇનામો રસીકભાઇ બદ્રીકયા, વસંતભાઇ ભાલારા, જગદીશભાઇ પંચાસરા, ધર્મેશભાઇ બકરાણિયા તથા ગ્રુપના કારોબારી સભ્યોએ આપી સન્માનિત કર્યા હતા. ઇનામો વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવા આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમ ખુબ જ સરસ રીતે સૌએ માણ્યો હતો. આભારદર્શન ખજાનચી શ્રી વિપુલભાઇ ખારેચાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ સંકલન અને સંચાલન શ્રી નટવરભાઇ આહલપરાએ કર્યું હતું.

**(અહેવાલ : નટવરભાઇ આહલપરા)**

## મુંબઇ : ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટીમાં તુષારભાઇ કથ્રેચાનો સમાવેશ




ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં યોજાઇ હતી. આ પ્રસંગે ખગોળવિજ્ઞાની ડો. જે. જે. રાવલે અધ્યક્ષ, બીમલ ભુતાને ઉપાધ્યક્ષ, બકુલેશ ઠકકરને જનરલ સેક્રેટરી, મણિભાઇ ટી. શાહને ટ્રેઝરર તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા. સલાહકાર તરીકે આચાર્ય પવન ત્રિપાઠી, જયકાંતભાઇ જોશી, એડવોકેટ અરુણાબેન સાવલા ચુંટાયા હતાં. મેનેજીંગ કમિટીમાં વિજય શેટ્ટી, હીરલ પટેલ, તુષાર કથ્રેચા, નિલેશ ગલિયા, રાજેશ ઠકકરનો સમાવેશ કરાયો છે. પૂર્વ કમિટીના બધા ટ્રસ્ટીઓ અને સલાહકાર યથાવત રાખવામાં આવ્યા છે.

# ભાવનગરના નિલમબેન સિદ્ધપુરાની ગાયત્રી પરિવારમાં અનેરી સેવા





ભાવનગરના વતની એવા નિલમબેન સિદ્ધપુરાએ ગાયત્રી પરિવારમાં સક્રિય રહીને અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. શાંતિકુંજમાં ચાલતી ૯ દિવસની શિબિરમાં બે વખત અને ગયા વર્ષે એપ્રિલમાં પુત્ર શિલ્પી શિબિરમાં ભાગ લીધો હતો. આ શિબિરમાં દેશ-વિદેશના અનેક લોકો અભ્યાસ માટે આવે છે. આ શિબિરમાં પરીક્ષા પણ લેવાય છે. આ પરીક્ષામાં નિલમબેન સિદ્ધપુરાએ પ્રથમ નંબર મેળવવાની અનેરી સિદ્ધિ હાંસલ કરી છે.

આ વર્ષે ૧ મહિનાની યોજાયેલ પરિવ્રાજક શિબિર યોજાઇ હતી. જેમાં દેશ-વિદેશથી લોકો આવ્યા હતા. શિબિરમાં ૩ દિવસની યજ્ઞ-સંસ્કારની પ્રેકટીકલ પરીક્ષા લેવાઇ હતી. જેમાં સ્ટેજ પરથી સંચાલન કરવાનું હતું. જેમાં મંત્રો પણ બોલવાના હતા. આમાં પણ નિલમબેન સિદ્ધપુરાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. નિલમબેન ૪ અશ્વમેઘ યજ્ઞમાં ઉપાચાર્ય પણ રહયા છે. નિલમબેન ગાયત્રી હવન કરાવે છે. ગર્ભોત્સવ સંસ્કાર કરાવે છે. બાળકના સંસ્કારો જેવા કે જન્મદિન સંસ્કાર, વિવાહદીન સંસ્કાર, તપયજ્ઞ અને ગાયત્રી પ્રાર્થના પણ કરાવે છે.

આ ઉપરાંત ઓનલાઇન ગાયત્રી મંત્ર લેખન અભિયાન ૧૩ દેશમાં ચલાવે છે. ગુરૂદેવના પુસ્તકનો ઓડીયો ગ્રુપ, મહામૃત્યુંજય યંત્ર ગ્રુપ, ગાયત્રી ચાલીશા ગ્રુપ, ધ્યાનગ્રુપ, યુવાક્રાંતિ પરિવાર ગ્રુપમાં પણ સામેલ છે અને બહેનોને ગીતો પણ શીખવાડે છે. નીલમબેન ચિત્રનો પણ શોખ ધરાવે છે. અને ગોલ્ડ મેડલ સહિતના ઇનામો પણ મેળવ્યા છે.

નીલમબેન સમાજમાં એવા આવનાર અને એસબીઆઇમાં આસી. મેનેજર બાબુભાઇ ડી. મકવાણા અને કંચનબેન બાબુભાઇની સુપુત્રી છે. નીલમબેનના પતિ શૈલેષભાઇ બાપા સીતારામ એન્જિ. વર્કસ નામથી બોબીનનું કારખાનું ધરાવે છે. તેમની ૧ દિકરી જાનકી જેના લગ્ન થયા છે અને પુત્ર રાજ આઇ.ટી. ઇજનેર છે.

ગાયત્રી પરિવારના પ.પૂજ્ય શ્રી રામ શર્મા આચાર્યના શિષ્ય એવા નીલમબેન ધાર્મિક ક્ષેત્રે વધુને વધુ આગળ આવે તેવી શુભકામના.

# વિશ્વકર્મા બાગમાં યોજાયો સાયબર ઓનલાઇન ફ્રોડ નિવારણ સેમીનાર

## આચાર્ય પવન ત્રિપાઠીજી, શ્રી બિમીલ ભુટા, તુષારભાઇ કથ્રેચા વગેરેની હાજરી







સાયબર ઓનલાઈન છેતરપિંડી નિવારણ સેમિનાર ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ, વિશ્વકર્મા બાગ (હોલ), વિલે પાર્લે, મુંબઈ ખાતે યોજાયો હતો.

વિશ્વકર્મા સમાજ અને વિલે પાર્લેના રહેવાસીઓ માટે ફ્રી સેમિનાર અને ટ્રેનિંગ ટેક ઓન વ્હીલ્સ (માસૂમ)ના સંસ્થા તરફથી ફ્રી ટ્રેનિંગ સાયબર વિનિટી વાન જીમા તમામને પ્રેક્ટિકલ ટ્રેનિંગ આપવી.

૨૦૦/૨૫૦ સભ્યો સમાજના અને વિલે પાર્લેના રહેવાસીઓના આ સેમિનારમાં આવ્યા હતા.

એડવોકેટ સાયબરના શ્રીનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. પંકજભાઈ બાફના, શ્રી આચાર્ય પવન ત્રિપાઠીજી BJP વાઈસ પ્રેસિડેન્ટ મુંબઈ, એડવોકેટ પરાગજી અલવાણી (ભાજપ M.L.A.), શ્રી બિમલભાઈ ભુટા ભાજપ, સચિવ મુંબઈ, અને શ્રી તુષાર એન. કથ્રેચા વિશ્વકર્મા બાગ સેક્રેટરી અને BJP, ફોરેન અફેર્સ સેલ અને ઉપાધ્યક્ષ મુંબઈ વગેરેની આ કાર્યક્રમમાં ઉપસ્થિતિ હતી. **(અહેવાલ : હિરેન ગોવિંદીયા)**

# મયુરી અને પ્રિયાંશ ચંદ્રેશભાઈ ત્રાટીયાની શિક્ષણક્ષેત્રે અનેરી સિદ્ધિ





## મયુરીએ પીએચ.ડી. પૂર્ણ કરી ડોકટરેટની ઉપાધી હાંસલ કરી : પ્રિયાંશે કોમ્પ્યુટર એન્જિ.માં માસ્ટરની ડિગ્રી માટે યુએસએની છઠ્ઠા ક્રમની યુનિવર્સિટી ઓફ ઈલીનોઈસમાં એડમીશન મેળવ્યું

જયાં લક્ષ્મી-સરસ્વતીનો વાસ હોય છે જયાં લાભ-શુભ નિવાસ કરે છે... ત્યાં પડેલા કંકુ પગલામાં ઝાંઝરનો ઝંકાર સંભળાય છે. સંસ્કાર, સાહિત્ય, સંગીત અને સુગંધ પ્રસરે છે, એ કહેવાની જરૂર છે ?

પ્રો. બાવળેચાની દિકરી મયુરી ચંદ્રેશ ત્રાટીયાએ અંગ્રેજી સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કર્યો અને એમ.એ. (ઈંગ્લી. ગોલ્ડ મેડાલીસ્ટ) અને ત્યારબાદ બી.એડ. અને હાલમાં સુપ્રસિદ્ધ લેખિકા કુંદનીકા કાપડીયા અને મંજુ કપુરની નવલકથાઓ ઉપર ડોકટર ઓફ ફિલોસોફીની ડિગ્રી મેળવી અને ડોકટરેટની ઉપાધી હાંસલ કરી છે.

જયારે પુત્ર પ્રિયાંશે પી.ડી.ઈ.યુ. ગાંધીનગર ખાતે કોમ્પ્યુટર એન્જિ.માં બી.ટેકની ડિગ્રી મેળવી અને ત્યારબાદ હાલ ઉચ્ચ અભ્યાસ માટે યુ.એસ.એ.ની યુનિવર્સિટી ઓફ ઈલીનોઈસ કે જે લગભગ ૧૫૬ વર્ષ જુની અને છઠ્ઠાક્રમની યુનિવર્સિટીમાં એમ.ટેકમાં એડમીશન મેળવી અને હાલ અભ્યાસ કરી રહેલ છે.

ઈશ્વર પરની શ્રદ્ધા અને ઈશ્વરની કૃપા અને પોતાના પ્રબળ પુરૂષાર્થની શરદ પૂર્ણિમાની ચાંદની પ્રગટાવી ગુર્જર સુથાર જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. મયુરી અને પ્રિયાંશની આ સિદ્ધિ માટે ચંદ્રેશ ત્રાટીયાએ અપૂર્વ સહકાર આપેલ છે.

મયુરી ત્રાટીયા સર્વોદય કોલેજ અંગ્રેજીના પ્રોફેસર તરીકે બજાવી ચુકયા છે. અને હાલ કણસાગરા કોલેજમાં પ્રોફેસર તરીકે કાર્યરત છે. મયુરી ત્રાટીયા મહિલા સંસ્થા ગજ્જર સખી વૃંદમાં પણ સક્રિય છે. મયુરી ત્રાટીયા વિશ્વકર્મા વિશ્વમાં અવારનવાર પોતાની કલમનો આસ્વાદ કરાવતા રહયા છે અને રમ્ય પબ્લીકેશન દ્વારા આગામી દિવસોમાં પ્રકાશિત પુસ્તકનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં રૂપાંતર પણ મયુરી ત્રાટીયાએ કર્યું છે.

'વિશ્વકર્મા વિશ્વ' પરિવાર મયુરી ત્રાટીયાને મળેલ સિદ્ધિ બદલ આનંદ અને ગર્વની લાગણી અનુભવે છે.


Creator is always next to વિશ્વકર્મા

વોટસએપ આધારીત

**રંગોળી સ્પર્ધા-૨૦૨૪**

૨૦૨૪ના કેલેન્ડર the art માં આપની રંગોળી સાથે આપનું પણ સ્થાન હોઈ શકે છે...




ઘર રંગોળી સ્પર્ધા

સ્પર્ધામાં ભાગ લેવા સંપર્ક કરો : પ્રવીણ ગજ્જર - મો.૯૦૯૯૯ ૪૯૫૮૫

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

ચતુર્થ વાર્ષિક પુણ્યતિથીએ

# ભાવભીની હૃદયાંજલી



-: કર્મયોગી :-

## સ્વ. શ્રી લાલજીભાઈ નાનજીભાઈ ગજ્જર (તલસાણિયા)

જન્મ : તા. 14-07-1942 । કૈલાશવાસ : તા. 26-09-2019

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા સૌના હૃદયમાં ગુંજયા કરે, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં, સુખ-દુઃખમાં સદા હસતા અને હસાવતા રહયા. આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ અમારા હૈયે રહેશે. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

વિજયભાઈ અને અલ્પાબેન તલસાણિયા । પ્રદ્યુમનભાઈ અને અર્પણાબેન તલસાણિયા
જાગૃતિબેન અને રાગેશકુમાર
વિવેક,ધૈર્ય, નમ્રતા, મિરલ અને કૌશલકુમાર

સ્વ. શ્રી રામજીભાઈ નાનજીભાઈ તલસાણિયા પરિવાર
સ્વ. શ્રી હરજીવનભાઈ નાનજીભાઈ તલસાણિયા પરિવાર
પંચશીલ ઈન્ટરપ્રાઈઝ । જે. હસમુખરાય એન્ડ કંપની । ઈકિવટી મોટર્સ (રાજકોટ) પ્રા. લિ.
ઈકિવટી એલ.એન.ટી. ઓટોહબ પ્રા. લિ. । એલિટ ઓટોલિંક । એન્ટિટી મોટર્સ પ્રા. લિ.

જય શ્રીકૃષ્ણ, જય શ્રી વિશ્વકર્મા

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**